જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૧૧-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

આંધ્રપ્રદેશમાં પીએમએ પેટ્રોલિયમ-ગેસ સાથે જોડાયેલી ૬૮૨૫ કરોડ રૂપિયાની બે યોજનાઓનો શિલાન્યાસ કર્યો

નાયડૂ પક્ષ બદલવામાં સિનિયર, પોતાના સસરાની પીઠમાં પણ ખંજર માર્યું: મોદી

દક્ષિણના 'ઑક્સફોર્ડ' અમરાવતીને મળશે હેરિટેજ સિટીનો દરજ્જો,ડિક્શનરીમાં જેટલી પણ ગાળો છે તે તેમણે મોદી માટે રિઝર્વ કરી દીધી,જેને એનટીઆર દુષ્ટ કહેતા નાયડુએ તેમની સાથે મિત્રતા કરી લીધી

અમરાવતી

પીએમ મોદીએ કૃષ્ણાપટ્ટનમ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (બીપીસીએલ)ના નવા કોસ્ટલ ટર્મિનલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. પીએમ મોદીએ કહ્યું કે અમરાવતીને આંધ્રનું ઑક્સફર્ડ કહેવાય છે. અહીં યુવાનો પોતાના સપનાને પૂરા કરવા આવે છે. પહેલી વખત મત આપનાર યુવાનોને શુભકામનઓ આપું છું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના ગંટુરમાં રેલી દરમ્યાન સીએમ ચંદ્રબાબુ નાયડુ અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે તેમણે આંધ્રના ગરીબો માટે નવી યોજનાઓ ચલાવાનું વચન આપ્યું હતું પરંતુ મોદીની યોજનાઓ પર જ પોતાના સ્ટીકર લગાવી દીધા છે. આ દરમ્યાન તેમણે એનટી રામારાવનું નામ લઈ ચંદ્રાબાબુ નાયડુ પર આકરા પ્રહારો કર્યા. પીએમ મોદીએ કહ્યું કે નાયડુએ પોતાના સસરા (એનટી રામારાવ)ની પીઠ પાછળ ખંજર ભોંકયું છે. પીએમ મોદીએ પોતાના ભાષણમાં ચંદ્રબાબૂને એન.લોકેશના પિતા કહી વારંવાર સંબોધિત કર્યા.

પીએમ મોદીએ કહ્યું કે હું તો હેરાન છું કે આખરે સીએમને શું થઈ ગયું છે કે તેઓ વારંવાર મને યાદ અપાવે છે કે તેઓ મારાથી ખૂબ સીનિયર છે. હું કહું છું કે તમે સીનિયર છો એટલે તો તમારા સમ્માનમાં કોઈ કમી છોડી નથી. તમે સીનિયર છો પક્ષ બદલવામાં, તમે સીનિયર છો નવા-નવા પક્ષના ગઠબંધન કરવામાં. તમે સીનિયર છો પોતાના સસરાની પીઠ પર ખંજર ભોંકવામાં. તમે સીનિયર છો એક ચૂંટણી બાદ બીજી ચૂંટણી હારવામાં, હું તો તેમાં સીનિયર છું નહીં.



પીએમ મોદીએ કહ્યું કે તમે સીનિયર છો આજે જેને ગાળો આપે કાલે તેના ખોળામાં બેસવામાં. તમે સીનિયરમાં આંધ્રના સપનાને ચૂર-ચૂર કરવામાં. એમટીઆરના વારસાદના સંભાળનારે તેના સપનાને સજાવાનું વચન આપ્યું હતું. મોદીએ આકરા પ્રહારો કરતાં કહ્યું કે જે લોકો એ દેશને ધુમાડામાં જીવવા માટે છોડી દીધો હતો તેઓ હવે દેશમાં જુઠ્ઠાણુનો ધુમાડો ફેલાવામાં લાગી ગયા છે. મહામિલાવટ કરી રહ્યા છે. સંગતની અસર એવી છે કે સીએમ પણ આંધ્રના વિકાસમાં વિઝનને ભૂલીને મોદીને ગોળા આપવાની કોમ્પિટિશનમાં કૂદી ગયા છે.

પીએમ મોદીએ વિરોધી પોસ્ટર પર કટાક્ષ કરતાં કહ્યું કે જ્યારે અમે સ્કૂલમાં ભણતા હતા તો ટીચર કહેતા હતા- ગો બેક પાછા સીટ પર જઈને બેસી જાઓ. હું ખુશ છું કે ટીડીપી એ મને કહ્યું કે ગો બેક પાછા જઈ દિલ્હીમાં બેસો. આજે મહામિલાવટની કલબમાં અહીંના સીએમ સામેલ થયા છે તેમનો સ્વાર્થ માત્ર પોતાના રાજકારણના દીવાને સળગતો રાખવા છે. તમારા ચોકીદારે તેમની ઊંઘ હરામ કરી દીધી છે. પાઇ-પાઈનો હિસાબ આપવો પડ્યો તો અહીંના સીએમને તકલીફ પડી રહી છે.

પીએમ મોદીએ કહ્યું કે ડિક્શનરીમાં જેટલી પણ ગાળો છે તે તેમણે મોદી માટે રિઝર્વ કરી દીધી છે. દરરોજ નવી ગાળો આપે છે. શું તેમના આંધ્રના સંસ્કારોને આ રીતે બદનામ કરવાનો અધિકાર છે. આ (ચંદ્રાબાબુ નાયડુ) ગઈકાલે ફોટો ખેંચાવા માટે દિલ્હી જવાના છે, મોટો હુજૂમ લઈને જવાના છે, પાર્ટીનું રણશિંગૂ વગાડવા. પરંતુ ભાજપ જેવા પોતાના કાર્યકર્તાઓના પૈસામાંથી કાર્યક્રમ કરી રહ્યા છે, તેઓ આંધ્રની પ્રજાની તિજોરીમાંથી પૈસા કાઢીને લઈ જઈ રહ્યાં છે.

પોલીસ-દેખાવકારો વચ્ચે અથડામણ થઈ

હિંસક બન્યું ગુર્જર આંદોલન, ધૌલપુરમાં પથ્થરમારો અને ફાયરિંગ, ત્રણ વાહનોમાં આગ

જયપુર

ગુર્જર સમાજે અનામત માટે આદરેલા આંદોલનમાં આજે હિંસા થઈ હતી. ધોલપુર હાઈવે પર પોલીસો અને દેખાવકારો વચ્ચે અથડામણ થયા બાદ હિંસા ફાટી નીકળી હતી. દેખાવકારોએ રસ્તો રોકી દીધો હતો અને વાહનોને આગ ચાંપી હતી.

ગુર્જર સમુદાયનાં લોકોએ અનામતની માગણીના ટેકામાં આજે સતત ત્રીજા દિવસે પણ એમનું આંદોલન ચાલુ રાખ્યું હતું અને સવાઈ માધોપુર જિલ્લામાં તેઓ રેલવેના પાટા પર બેસી ગયા હતા અને ટ્રેનવ્યવહાર અટકાવી દીધો હતો.

એને કારણે રેલવે સત્તાવાળાઓને ત્રણ ટ્રેન રદ કરવાની અને એક ટ્રેનનો માર્ગ વાળવાની ફરજ પડી હતી.

ગુર્જર આરક્ષણ સંઘર્ષ સમિતિના વડા કિરોડીસિંહ બૈંસલા અને એમના સમર્થકો ગયા શુક્રવારની સાંજથી રેલ-રોકો અને રસ્તા-રોકો આંદોલને ઉતર્યા છે. છેલ્લા બે દિવસમાં પશ્ચિમ મધ્ય રેલવેને આશરે ૨૦૦ જેટલી ટ્રેનોને કાંતો રદ કરવી પડી છે, ડાઈવર્ટ કરવી પડી છે અથવા એમની સફર અધવચ્ચેના સ્ટેશને જ સમાપ્ત કરી દેવાની ફરજ પડી છે.

અટવાઈ ગયેલા લોકોનાં ધસારાને ક્લીયર કરવા માટે પશ્ચિમ રેલવેએ અમુક સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી તથા પ્રવાસીઓને વૈકલ્પિક રૂટ આપવા પડ્યા છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૮ની ૨૬ ઓક્ટોબરે રાજસ્થાન સરકારે એક ખરડો પાસ કર્યો હતો જેમાં અધર બેકવર્ડ ક્લાસીસ (ઓબીસી) ક્વોટાને ૨૧ ટકાથી વધારીને ૨૬ ટકા કર્યો હતો. ૨૦૧૮ના ડિસેંબરમાં રાજ્ય સરકારે ગુર્જર સમાજ માટે તેમજ ચાર ઓબીસી વર્ગો માટે એક ટકા અનામતને મંજૂરી આપી હતી. હાલ આ સમાજો ઓબીસી અનામત વ્યવસ્થાની ઉપરાંત મોસ્ટ-બેકવર્ડ કેટેગરી માટે ૫૦ ટકા અનામતની કાયદેસર મર્યાદા હેઠળ એક ટકા અલગ રીતે અનામતનો લાભ મેળવે છે.

ભાજપ સાંસદ કિર્તી આઝાદ ૧૫ ફેબ્રુઆરીએ કોંગ્રેસમાં જોડાશે

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટીને લોકસભા ચૂંટણી પહેલા મોટો ઝટકો મળ્યો છે. ભારતીય જનતા પાર્ટીના બાગી સાંસદ અને ૧૯૮૩ ક્રિકેટ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમના ઓલરાઉન્ડર રહેલા કીર્તિ આઝાદે હવે કોંગ્રેસનો હાથ પકડવાનું નક્કી કર્યું છે. ભાજપથી નારાજ ચાલી રહેલા કીર્તિ આઝાદ રાહુલ ગાંધીની હાજરીમાં ૧૫ ફેબ્રુઆરીના રોજ કોંગ્રેસમાં શામેલ થશે. કીર્તિ આઝાદનું કહેવું છે કે, છેલ્લા ૨૬ વર્ષોથી સતત ઈમાનદારીથી પાર્ટીની સેવા કરી, પરંતુ બદલામાં પાર્ટીએ પીઠ પાછળ છરો મારવાનું કામ કર્યું છે. એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, ભાજપએ મારી પીઠમાં છરો માર્યો છે, જ્યારે મેં ૨૬ વર્ષો સુધી પાર્ટી નિષ્ઠા અને કર્મઠતાની સેવા કરી હતી. હવે ફક્ત કોંગ્રેસ જ એક માત્ર રાષ્ટ્રીય પાર્ટી છે, જ્યાં હું જઈ શકું છું. બિહારના દરભંગાથી ત્રણ વાર સાંસદ રહી ચૂકેલા કીર્તિ આઝાદે મ્તઁ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપ પર આરોપ લગાવતા કહ્યું હતું કે, હવે પાર્ટીમાં તાનાશાહી ચાલી રહી છે અને ફક્ત અઢી લોકો મળીને તેને ચલાવી રહ્યા છે. કીર્તિ આઝાદે વધુમાં કહ્યું હતું કે, હવે ભાજપમાં જુમલાબાજીથી લોકોને મૂર્ખ બનાવવાનું કામ થઈ રહ્યું છે. ભાજપ ઈમાનદારીની વાત તો કરે છે, પરંતુ તેમાં અંદર જ ભ્રષ્ટાચાર દબાયેલો છે. ભાજપમા હવે બધુ બદલાય ગયું છે.

અરૂણ જેટલીએ રાહુલ ગાંધીને નાપાસ વિદ્યાર્થી ગણાવ્યા

ન્યુ દિલ્હી

અમેરિકાથી પોતાની બિમારીનો ઈલાજ કરાવીને ભારત પરત ફરેલા કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલીએ સોશ્યલ મીડિયા પર કોંગ્રેસ પાર્ટી અને તેના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે પોતાના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટ પર રવિવારે ટ્વીટ કરીને રાફેલ કૌભાંડ, જીએસટી, સર્જિકલ સ્ટ્રાઈક, ગૌ હત્યા જેવા વિવાદોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે આડકતરી રીતે રાહુલ પર પણ શાબ્દિક પ્રહાર કર્યા હતા. ટ્વીટર પર પોતાના વિચારો રજૂ કરતા જેટલીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી ખોટા આંદોલન ચલાવીને સરકારને બદનામ કરવાનો પ્રયત્ન કરી રહી છે. જૂઠાણ લાંબા સમય સુધી ચાલતું નથી, પરંતુ વિપક્ષ વારંવાર જૂઠું બોલે છે. રાફેલને કેન્દ્રમાં રાખીને જેટલી જણાવે છે કે આ ડીલ ભારતની લડવા માટેની ક્ષમતામાં વધારો કરે છે અને આ ડીલ વડે દેશને નાણાકીય રીતે પણ ઘણો ફાયદો થયો છે. જોકે કોંગ્રેસ આ ડીલને ખોટી સાબીત કરવા માટે ખોટા પત્રો પણ રજૂ કરી ચૂક્યા છે. આ સાથે જ મોદી સરકાર સત્તામાં આવ્યા પછીની સરકારની ઉપલબ્ધિ ગણાવતા જેટલે ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાને ભારત પર લાવવા પરની સરકારની સૌથી મોટી સફળતા ગણાવી હતી.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની

વાપરનારની સુરક્ષા માટે અને વાહન ક્યાં છે તે જાણવા

GPS સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૫૧૦૦/- (+જીએસટી ૧૮%)માં

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

આપના બંધ પડેલ જીપીએસ પણ સ્કીમ અંતર્ગત ચાલુ કરવાનો પ્રયત્ન કરો. ચૂકવો માત્ર ૫૦૦/- એક વર્ષ માટે

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, ગ્રોસરીજાગી, વિજાણુત ક્રુડ પ્રવાહને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ટુંપવામાં ભયાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજીક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહીના દરમિયાનની ગ્રાહકોના રૂપિયા ૩૫ મુજબ વધેલ આવકમાંથી ચુકવવા જતો, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકસ્ટ્રા ઇન્કમ મેળવી લાખના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રણે જોડવી ઉપરાંત) આપનો કોડ એક વર્ષ સુધી ફ્રીમ્યુ કરી શકશો. જેના માટે આપે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફ્રીજ ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (ત્રણે જોડવી ઉપરાંત) આપનો કોડ ફ્રીજ ત્રણ વર્ષ માટે ફ્રીમ્યુ કરી શકશો.

સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ ફ્રીમ્યુ કરવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ગુજરાતીઓ મા સરસ્વતીની આરાધના કરનારી કોમ પણ છે : મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી





રાજકોટ શહેરના રેસકોર્સના મેદાનમાં રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલા બૂક ફેર અને લિટરેચર ફેસ્ટીવલને ખુલ્લો મૂકતા મુખ્યમંત્રીશ્રી

રાજકોટ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજકોટ શહેરના રેસકોર્સના મેદાનમાં રાજકોટ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલા બૂક ફેર અને લિટરેચર ફેસ્ટીવલને ખુલ્લો મૂકતા કહ્યું કે છેલ્લાં કેટલાક સમયથી ગુજરાતમાં બૂક ફેર અને લિટરેચર ફેસ્ટિવલનો પ્રવાહ ફૂલ્યોફાલ્યો છે, તે દર્શાવે છે કે ગુજરાતીઓ મા સરસ્વતીની આરાધના કરનારી કોમ પણ છે. ગુજરાતીઓ સારા ઇન્વેસ્ટર છે. તેમણે હવે પુસ્તકોના રૂપમાં સારા, સંસ્કારિત ભવિષ્યમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાનો આગવો રાહ અપનાવ્યો છે. સારા ભવિષ્યના ઇન્વેસ્ટમેન્ટમાં આવા બુક ફેર-લિટરેચર ફેસ્ટિવલ એક સક્ષમ માધ્યમ બન્યા છે.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ કહ્યું કે, રંગીલું રાજકોટ ખાન-પાન મોજમસ્તીને સદાય આનંદ-પ્રમોદનું નગર એટલે આપણું રાજકોટ એવી ઓળખ વર્ષોથી રાજકોટની છે. પરંતુ આ જ રાજકોટની બીજી પણ એક આગવી તાસીર અને ઓળખ બેય છે- રાજકોટ એટલે શબ્દ, સાહિત્ય, કલા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ ધરાવતું નગર છે. આજથી પાંચ દિવસ સુધી રાજકોટ મહાનગરમાં પુસ્તક મેળો અને લીટરેચર ફેસ્ટીવલનું જે આયોજન થયું છે તે બદલાતા રાજકોટની તાસીર છે અને દુનિયામાં હવે રાજકોટ સાહિત્યીક નગર તરીકે પ્રસ્થાપિત થઇ રહ્યું છે તેની આગવી મિસાલ છે.

તેમણે એમ પણ કહ્યું કે, ૧૫૦ થી વધુ બુક સ્ટોલ અને પુસ્તકોનો વિપુલ દરિયો સાથે કાવ્ય લેખન, વાર્તાલેખન, બ્લોગ રાઇટીંગ, શોર્ટ ફિલ્મ મેકીંગ, બાળકો માટે વન મિનીટ ગેમ્સ, ક્રિયેટીવ ડ્રાફ્ટ, ચિત્ર હરિફાઇ ફોટો બેઇઝડ સ્ટોરી રાઇટીંગ આવા વિવિધ વિષયો સાથે કલા, સાહિત્ય, વાંચન અને સર્જનાત્મકતાનો એક હોલીસ્ટીક એપ્રોચ અંડર વન એમ્બ્રેલા અહીં મળી રહેશે.

સાહિત્યકારો અને સારસ્વતોનું સ્મરણ કરતા શ્રી રૂપાણીએ કહ્યું કે, સૌરાષ્ટ્રની રાજધાની ગણાતા રાજકોટે સમયે સમયે આ દેશ અને દુનિયાને એક એકથી ચડિયાતા કલાકારો-લેખકો-વિદ્વાનો-સારસ્વતો આપ્યાં છે. લેખન, કવિતા, ગઝલ, ગીત-સંગીત, લોક સાહિત્ય સહિતના કલા ક્ષેત્રમાં સૌરાષ્ટ્ર-રાજકોટના કલાકારો-કસબીઓએ દુનિયા આખીમાં ડંકો વગાડ્યો છે. સત્યાર્થપ્રકાશના રચયિતા મહર્ષિ દયાનંદ સરસ્વતી, અને સત્યના પ્રયોગો લખનારા મહાત્મા ગાંધીથી શરૂ કરીએ તો ગુજરાતી ભાષાના ધૂરંધર લેખક અને સાહિત્યકાર ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય, કવિ ત્રિભુવન વ્યાસ, મનુભાઈ પાંચોળી, ચુનિલાલ મડિયા, સ્વ. રમેશ પારેખ, અમૃત ઘાયલ, નીતિન વડગામા, મકરંદ દવે, સુરેશચંદ્ર પંડિત, બળવંત જાની, અનિલ જોષી, ઇન્દુલાલ ગાંધી તથા અન્ય ઘણાં નામી-અનામી સાહિત્ય સર્જકોથી રાજકોટની ધરતી ન્યાલ છે. આજે પણ રાજકોટના અનેક નામી-અનામી સાહિત્યકારો, કલાકારો, લોકસાહિત્યકારો રાજકોટના સાહિત્ય-કલા-સાંસ્કૃતિક ક્ષેત્રનું નામ ચોમેર પ્રકાશિત કરી રહ્યાં છે.

શ્રી રૂપાણીએ વાંચનના બદલાયેલા પરિમાણો અંગે જણાવ્યું કે, આપણા સાહિત્ય વારસાને, પુસ્તકોને અને વાંચન ભુખને બદલાતા સમયે પણ બદલી નાખ્યા છે. આજની યુવા પેઢી કે બાળ પેઢી પુસ્તક વાંચવું હોય કે કોઇ સાહિત્યકાર-લેખકનો પરિચય વાંચવો હોય તો રેફરન્સ તરીકે ગુગલ ગુરૂ અને વીકીપીડીયાનો સહારો લે છે. ઇન્ટરનેટ અને વેબ પોર્ટલના સોશિયલ મિડીયા યુગમાં વાંચન ભુખ સંતોષવા ઇ-બુકસનું ચલણ વધ્યું છે. તેની સામે હવે રાજકોટ મહાનગરમાં પ્રથમવાર આવો પુસ્તકમેળો અને લીટરેચર ફેસ્ટિવલ યોજાય એ જ ક્રાંતિકારી પરિવર્તનનું એક મોટું પગલું છે.



સદવાંચનનું મહત્વ સમજાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પુસ્તકો જ આપણા સંસ્કારને ઘડે છે, આપણા વ્યક્તિત્વનું નિર્માણ કરે છે. નાનપણમાં વાંચેલી શ્રવણની વાર્તા આપણને આજીવન માતા-પિતાની સેવાના સંસ્કાર આપે છે. આપણે નાનપણમાં વાંચેલી એ વાર્તાની ચોંપડીઓની કિંમત ભલે ૨-૩ રૂપિયાની હતી પણ તેમાંથી મળતા સંસ્કાર કરોડો રૂપિયાના છે.

એક સારૂં પુસ્તક ૧૦૦ સારા મિત્રોની ગરજ સારે છે. એટલું જ નહિ, માનવીના મનને શાતા આપવા સાથે નવા વિચારોની બારી પણ ખોલી આપે છે. દરેક પુસ્તક પોતે જ એક શિક્ષક સમાન હોય છે. પુસ્તકનું છેલ્લું પાનું પૂરું કરીએ ત્યારે આપણે તેમાંથી કંઇક તો શીખ્યા જ હોઇએ છીએ. પુસ્તકોને સભ્ય સમાજના શિલ્પી કહું તો મને તેમાં જરાય અતિશયોક્તિ જણાતી નથી. પરંતુ મિત્રો, એક હકિકત એ પણ છે કે આજના ફાસ્ટ લાઇફ અને કોમ્પીટીશનના યુગમાં કોઇને પુસ્તક વાંચનનો સમય નથી. બસ, ઉપરછલ્લુ વાંચન કામમાંથી થોડો સમય મળે ત્યારે થાય છે પરંતુ તેની વ્યાપકતા ઘટતી જાય છે અને એ સૌ માટે ચિંતાનો વિષય બનવો જોઇએ.

તેમણે જણાવ્યું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ગુજરાતના વિકાસની સાથોસાથ વાંચન રૂચિ કેળવવા એક મહત્વનો આયામ વાંચે ગુજરાત પણ જનભાગીદારીથી પ્રેરિત કરેલો છે. વાંચે ગુજરાત અભિયાને ગુજરાતીઓની ભીતરમાં સુષુપ્ત બની ગયેલા પુસ્તક પ્રેમને પુસ્તક વાંચનની ટેવને ઉજાગર કરવામાં જે સફળતા મળેલી તેના પરિણામે જ્યાં કદી ગ્રંથાલય નહોતા તેવા ૧૨૦૦ ગામોમાં જનશકિત ભાગીદારથી ગ્રંથ મંદિરો શરૂ થઇ ગયા. ૩૩ તાલુકામાં જ્યાં લાયબ્રેરી તાલુકામથકે નહોતી ત્યાં સ્વર્ણિમ તાલુકા પુસ્તકાલય શરૂ થયા છે. પુસ્તકો વંચાતા થશે તો નવા પુસ્તકોનું નિર્માણ થશે-ઉત્તમ પુસ્તકો વંચાશે તો સમાજ સંસ્કારી બનશે.

આજે સમાજ સ્વાર્થના સંકુચિત કોચલામાં, અસહિષ્ણુ બની ગયેલો દેખાય છે-સંવેદનશીલ સમાજના સ્વાસ્થ્ય માટે પુસ્તક ઉત્તમ રસાયણ છે. ૨૧મી સદી જ્ઞાનની સદી છે ત્યારે વાંચે ગુજરાત જેવા પ્રયોગો અને સૌરાષ્ટ્ર બૂક ફેર-લિટરેચર ફેસ્ટિવલ જેવા સુંદર આયોજનોએ સમાજમાં જ્ઞાનના સંક્રમણને વધાર્યું છે. હવે ગુજરાતીઓ પુસ્તકને અપનાવે છે, વાંચનને પ્રેમ કરે છે અને એ રીતે દરેક ગુજરાતી પોતાની આંતરઊર્જા વધારવા તરફ સક્રિય થયો છે. અન્ય ભાષાના વાંચન કરતાં માતૃભાષા વાંચન પ્રત્યે હવેની પેઢી આકર્ષાઇ છે, તેમ શ્રી રૂપાણીએ ઉમર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાત તેના વિકાસ-સમરસતા-શાંતિ અને સમૃદ્ધિની સાથોસાથ સાંભળવામાં અત્યંત મીઠી ગુજરાતી ભાષા માટે પણ જાણીતું છે. આધુનિકતાના આવેગ અને અંગ્રેજી શિક્ષણના આકર્ષણે ગુજરાતી ભાષા લખનારા-વાંચનારા વર્ગને સીમિત કરી દીધો છે, તેમ છતાં ગુજરાતી ભાષા જ ગુજરાતની અસલી ઓળખ હતી, છે અને રહેશે. એટલે જ રાજય સરકાર દ્વારા શિક્ષણમાં ગુજરાતી ભાષા ફરજિયાત કરવામાં આવી છે.

આ લિટરેચર ફેસ્ટિવલમાં ભાષાકીય તજજ્ઞો પણ ભાગ લેવાના છે, એમના માધ્યમથી ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધનને પણ વેગ મળશે એવો મને વિશ્વાસ છે. આજે રાજકોટ મહાપાલિકાએ પહેલ કરીને જે પુસ્તકમેળો યોજયો છે તે દર વર્ષે સાતમા-આઠમા લોકમેળા જેમ વધુને વધુ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે અને દર વર્ષે આવા બુકફેર અને લીટરેચર ફેસ્ટીવલ યોજાય તે જરૂરી છે. તેમ શ્રી રૂપાણીએ અંતે કહ્યું હતું.

મેયર શ્રીમતી બીનાબેન આચાર્યએ આ મેળાને જ્ઞાનકુંભ સમો ગણાવી સૌરાષ્ટ્રના યુવાનો શિક્ષણની સાથોસાથ પુસ્તકપ્રેમી બને તેવું આહવાન કર્યું હતું. તેમણે રાજકોટમાં આવેલ વિવિધ પુસ્તકાલયોની માહિતી પુરી પાડી હતી.

આ પ્રસંગે મ્યુનિ. કમિશ્નરશ્રી બંછાનિધિ પાનીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં આ પ્રકારનો પ્રથમ બુકફેર અને લીટરેચર ફેસ્ટીવલનું આયોજન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ રૂપાણીની પ્રેરણાથી કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, આ પુસ્તકમેળો સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓને 'વાંચે ગુજરાત' અભિયાન હેઠળ વાંચનની પ્રેરણા પુરી પાડશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કુલનાયક શ્રી વિજયભાઇ દેસાણીએ આ પ્રસંગને પુસ્તકોનો મહાકુંભ ગણાવી જ્ઞાનરૂપી મેળામાં ડુબકી લગાવી શિક્ષણની સાથોસાથ સાહિત્યનો સાક્ષાત્કાર કરવા યુવા વિદ્યાર્થીઓને નિમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે મોબાઇલથી કયુ.આર. કોડ દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. તે પૂર્વે મા સરસ્વતીને વંદના કરી પુસ્તક મેળાના વિવિધ સ્ટોલની મુલાકાત પણ તેમણે લીધી હતી. મુખ્યમંત્રીશ્રીનું રાજકોટ મહાનગરપાલીકાના પદાધિકારીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આગેવાનો તેમજ શહેર ભાજપ સંગઠનના પ્રતિનિધિઓ દ્વારા ફુલહારથી સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે સ્વચ્છ રાસોત્સવ સ્પર્ધાના વિજેતાઓને ચેક વિતરણ, સ્વચ્છતા શિલ્ડ સ્પર્ધાના વિજેતાઓને શિલ્ડ, સ્વચ્છતા થીમ સોંગ માટે આભારપત્ર આપવામાં આવેલ હતા. મ્યુનિ. સરકારી શાળાઓના બાળકો માટે ગીફ્ટ અ-બુક હેઠળ ૧૫૧ પુસ્તકોની ભેટ તેમજ મેઘધનુષ્ય સોવિનેયરનું વિમોચન કરાયું હતું. મુખ્યમંત્રીશ્રી દ્વારા મહાત્માગાંધી મ્યુઝિયમ વેબસાઇટ તેમજ મોબાઇલ એપનું વિમોચન તેમજ દંતોપંત ઠંગડી પુસ્તકાલય ખાતે બ્રેઇલ કોર્નરનો શુભારંભ પણ કરવામાં આવ્યો હતો.

પુસ્તકમેળામાં પ્રથમ દિવસે આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર અને વકતા શ્રીમતિ કાજલ ઓઝા વૈદ્ય, શ્રી જય વસાવડા, શ્રી અંકિત ત્રિવેદી તેમજ શ્રી સાંઇરામ દવેએ ઉપસ્થિત રહી તેમનું પ્રભાવી વકતવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે ડે.મેયર શ્રી અશ્વિનભાઇ મોલીયા, શાસકપક્ષના પ્રમુખ શ્રી દલસુખભાઇ જાગાણી, સ્ટેન્ડીગ કમિટીના અધ્યક્ષ શ્રી ઉદયભાઇ કાનગડ, ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રીમતિ અંજલિબેન રૂપાણી, દંડક શ્રી અજયભાઇ પરમાર, સૌરાષ્ટ્ર યુનિ. ના ઉપકુલપતિ ડો. નીતિનભાઇ પેથાણી, પ્રો. નીલાંબરીબેન દવે, સીન્ડીકેટ સભ્ય ડો. મેહુલભાઇ રૂપાણી, કલેકટરશ્રી રાહુલ ગુપ્તા, પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ તેમજ યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો, પ્રાધ્યાપક અને વિશાળ સંખ્યામાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ સહીત નગરજનો ઉપસ્થિત રહયા હતા.





રાહુલ ગાંધીએ મને પાર્ટી છોડવા મજબૂર કર્યોઃ ભાજપ નેતા એસએમ કૃષ્ણા

બેંગ્લુરુ

કોંગ્રેસના દિગ્ગજ નેતામાં સામેલ રહેલા કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને હવે ભાજપ નેતા એસએમ કૃષ્ણાએ પાર્ટી છોડવાની વાત ઉજાગર કરી. મનમોહન સિંહના નેતૃત્વવાળી યુપીએ સરકારમાં વિદેશ મંત્રી કૃષ્ણા એ મૈસૂરમાં કહ્યું કે રાહુલ ગાંધી તેમને પાર્ટી છોડવા પર મજબૂર કર્યા.

ભાજપ નેતા કૃષ્ણા એ કહ્યું કે યુપીએ સરકારમાં વિદેશ મંત્રી રહેતા તેમને સતત રાહુલ ગાંધીનો હસ્તક્ષેપ ઝીલવો પડતા અને તેના માટે આ અસહનીય થઈ ગયો હતો. પૂર્વ કોંગ્રેસી નેતાએ કહ્યું કે ૧૦ વર્ષ પહેલાં રાહુલ ગાંધી સિવાય સાંસદના કંઈ નહોતા. તેઓ પાર્ટીના કોઈ પદ પર પણ નહોતા. પરંતુ તેમનો દરેક બાબતોમાં હસ્તક્ષેપ રહેતો હતો. એટલે સુધી કે મનમોહન સિંહ પ્રધાનમંત્રી હતા પરંતુ તેમને પૂછ્યા વગર કેટલીય બાબતમાં નિર્ણય લેવાય જતો હતો.

એસએમ કૃષ્ણા એ કહ્યું કે કોંગ્રેસનું તેમના સાથી દળો (યુપીએ) પર કોઈ નિયંત્રણ નહોતું. આ જ કારણ હતું કે તે સમયે ૨જી સ્પેક્ટ્રમથી લઇ કોમનવેલ્થ અને કોલસાનો ગોટાળો થયો. તેમણે તેની પાછળ લીડરશીપનો અભાવ બતાવ્યો. એસએમ કૃષ્ણા એ કહ્યું કે યુપીએ સરકાર દરમ્યાન મનમોહન સિંહનું કેબિનેટ અને સરકાર પર કોઇ નિયંત્રણ નહોતું.





કુલગામમાં બે ઘરમાં છુપાયેલા આતંકીઓએ સેના પર ફાયરિંગ કર્યું હતું

સેનાને મોટી સફળતાઃ છ કલાક ચાલેલી અથડામણમાં ૫ આતંકી ઠાર

શ્રીનગર

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં સેનાએ રવિવારે એક મોટા ઓપરેશનમાં પાંચ આતંકીઓને ઠાર કર્યા છે. ૮ કલાકથી વધુ સમય સુધી ચાલેલી અથડામણમાં સેનાએ તમામ આતંકીઓનો ખાત્મો બોલાવી દીધો હતો. ઠાર કરાયેલા આતંકીઓ પાસેથી સુરક્ષાદળોને મોટાપ્રમાણમાં હથિયારો, દારૂગોળો અને અન્ય સામગ્રી મળી આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ શનિવારે મોડીરાત્રે સેનાને કેલમ વિસ્તારમાં આતંકીઓની હાજરી અંગે માહિતી મળી હતી. આ માહિતીને આધારે



છ કલાક વિત્યા બાદ સેનાએ ઘરોને ઉડાવી દીધા,આતંકીઓ પાસેથી મોટાપાયે વિસ્ફોટકો અને દારૂગોળો મળ્યા

સેનાની ૯ રાષ્ટ્રીય રાઇફલ્સ, જમ્મુ-કાશ્મીર પોલીસની એસઓજી અને કેન્દ્રીય રીઝર્વ પોલીસ દળના જવાનોએ કેલમ ગામની નાકાબંધી કરી હતી. જવાનોએ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું જેમાં બે ઘરમાં છુપાયેલા આતંકીઓએ સુરક્ષાજવાનો પર ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ વળતી કાર્યવાહીમાં સુરક્ષાદળોએ આતંકીઓ વિરુદ્ધ ઓપરેશન શરૂ કર્યું હતું.

સવારે પાંચ વાગ્યા આસપાસ શરૂ કરાયેલા આ ઓપરેશનને છ કલાક વિત્યા બાદ સેનાએ બન્ને ઘરોને ઉડાવી દીધા હતા. આ કાર્યવાહીમાં મકાનની અંદર છુપાયેલા ૫ આતંકીઓના મોત થયા હતા. સુરક્ષાદળોએ બાદમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. સર્ચ દરમિયાન સેનાએ તમામ આતંકીઓની લાશ સાથે મોટાપાયે વિસ્ફોટકો અને દારૂગોળો મળ્યા હતા. સ્થાનિક સૂત્રોના મતે મૃતક આતંકીઓ પૈકી એક મોસ્ટ વોન્ટેડ કમાન્ડર પણ સામેલ છે. જો કે સેના તેમજ પોલીસે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આપી નથી.

પાલેકર બોલવાની આઝાદી અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા હતા

મુંબઈમાં આર્ટ ઈવેન્ટમાં એક્ટર અમોલ પાલેકરને સરકાર વિરુદ્ધ બોલતા અટકાવાયા

મુંબઈ

મુંબઈમાં આયોજીત નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ(એમજીએમએ)ના એક પ્રદર્શન દરમિયાન દિગ્ગજ ફિલ્મ એક્ટર અમોલ પાલેકરને સરકારની ટીકા કરતા ભાષણ દરમિયાન અધવચ્ચે બોલતા અટકાવી દેવાયા હતા. પાલેકર બોલવાની આઝાદી અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા હતા. નોંધનીય છે કે, આ કાર્યક્રમ કલાકાર પ્રભાકર બર્વેની યાદમાં આયોજીત કરવામાં આવ્યો હતો.

પાલેકરે પોતાના ભાષણ દરમિયાન આર્ટ ગેલેરીની સ્વતંત્રતા પર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઓક્ટોબર ૨૦૧૮ સુધી આર્ટ ગેલેરી ઓફ મોર્ડન આર્ટની એક સક્રિય સલાહકાર સમિતિ હતી, જેમાં સ્થાનિક કલાકોરાનું પ્રતિનિધિત્વ હતું. હવે આ સમિતિને સાંસ્કૃતિક મંત્રાલય નિયંત્રિત કરે છે.

તેમણે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, એનજીએમએ કલાત્મક અભિવ્યક્તિ અને વિવિધ કળાઓને જોવા માટેનું પવિત્ર સ્થાન છે, જેના પર નિયંત્રણ કરવામાં આવી રહ્યું છે. આ માનવતાની વિરુદ્ધ છે, જેનાથી મને ઘણો આઘાત લાગ્યો. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે આવા આદેશોનો વિરોધ ૫ નથી કરાતો. ભાષણ દરમિયાન પાલેકરને અનેક વાર અટકાવવામાં આવ્યા હતા. સૌપ્રથમ કલાકાર અને સલાહકાર સમિતિના પૂર્વ ચેરમેન સુહાસ બહુલ્કરે પાલેકરને પ્રભાકર અને તેમના કાર્યો અંગે વાત કરવા જણાવ્યું હતું. ત્યાંજ શો ક્યૂરેટ જેસલ થેકરે વિરોધ વ્યક્ત કર્યો તો પાલેકરે નયનતારા સહગલનો ઉલ્લેખ કર્યો, જેમને મરાઠી લિટરેચર ઈવેન્ટમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.

લંડન હિથ્રો એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળીઃ આકાશમાં જ ડગમગવા લાગ્યુ વિમાન

લંડન

લંડનનાં હિથ્રો એરપોર્ટ મોટી દુર્ઘટના થતા થતા રહિ ગઈ છે. હિથ્રો હવાઈમથક પર લેન્ડ થતી વખતે વિમાન હવામાં ડગમગવા લાગ્યું ત્યારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જાણવા મળતી વિગત પ્રમાણે બ્રિટીશ એરવેઝની ફ્લાઈટ હિથ્રો એરપોર્ટ પર લેન્ડ થવાની હતી. ત્યારે ભારે પવનને કારણે વિમાન લેન્ડ થઈ શક્યું નહિ. જો કે આ ઘટનાને કારણે વિમાનમાં બેસેલા પ્રવાસીઓનાં જીવ અધ્ધર થઈ ગયા હતાં.

સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો છે. જે વિડીયોમાં વિમાન લેન્ડ થવા માટે રન-વે પર આવ્યું, પરંતુ તરત જ હવામાં ઉડી ગયું. જ્યારે આ વિમાન લેન્ડ થવા માટે નીચે ઉતર્યું ત્યારે હવામાં ડગમગતુ હતું.

પાયલોટે એક વખત પ્લેનને લેન્ડ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ આ વિમાન લેન્ડ ન થઈ શક્યું. ત્યારે પાયલોટે પ્લેનને ફરી ટેકઓફ કરી લીધું. પાયલટની સમજદારીને કારણે અનેક પ્રવાસીઓ બચી ગયા હતાં. જો કે ત્યાર પછી પ્લેનને સુરક્ષિત સ્થળે લેન્ડ કરવામાં આવ્યું હતું.

એરપોર્ટ અધિકારી સ્કોટ બેટમેને ટ્વિટર પર માહિતી આપતા જણાંવ્યું કે, પ્રચંડ પવનને કારણે હિથ્રો એરપોર્ટ પર વિમાન લેન્ડ કરવું એ મોટો પડકાર હતો. જે કે પ્લેન લેન્ડ ન થયું. મહત્વનું છે કે બ્રિટન અને આર્યલેન્ડમાં વાવાઝોડુ અને તોફાનને કારણે વરસાદને ભારે પવનની સ્થિતી છે. ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાય છે. આર્યલેન્ડનો પશ્ચિમી તટ ભારે તોફાન પ્રભાવિત વિસ્તાર છે. હવામાન વિભાગનાં જણાંવ્યા પ્રમાણે બ્રિટનનાં રાષ્ટ્રોમાં ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફુંકાય રહ્યો છે.

તંત્રી સ્થાનેથી...

હાફિઝથી સરકાર ડરે છે

પાકિસ્તાનની સરકાર ત્રાસવાદ સામે કાર્યવાહી કરવાથી ખચકાટ અનુભવ કરી રહી છે. ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા માટે ભારત અને અમેરિકા સહિતાના દેશો દ્વારા જોરદાર દબાણ લાવવામાં આવી રહ્યુ હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. આંતરરાષ્ટ્રીય દબાણની પણ અવગણના કરવામાં આવી છે. આના માટે કેટલાક કારણો છે. જે પૈકી એક કારણ એ છે કે પાકિસ્તાની સરકારને ભય છે કે જો કુખ્યાત ત્રાસવાદી હાફિઝ સઈદ અને અન્યો સામે પગલા લેવામાં આવશે તો તેમની સરકાર સામે ખતરો સર્જાઈ જશે અને દેશમાં અશાંતિ ફેલાઈ જશે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને પાકિસ્તાન સરકાર ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરી રહી નથી. પાકિસ્તાનના નવા વડાપ્રધાન ઈમરાન ખાને હાફિઝ સઈદ અને તેના સંગઠનોની સામે કોઈ કાર્યવાહી નહી કરવાની વાત કરી છે. જમાત ઉદ દાવા અને ફલાહ એ ઈન્સાનિયતની સામે કાર્યવાહી કરવાની વાતને ફગાવી દીધી છે. આ એજ ઈમરાન ખાન છે જે પહેલા ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવાની વાત કરી રહ્યા હતા. હવે ગુલાંટ મારી ચુક્યા છે. પાકિસ્તાનમાં થોડાક સમય પહેલા જ કહેવામાં આવ્યુ હતુ કે સઈદના પાકિસ્તાન સ્થિત જમાત ઉદ દાવા અને ફલાહ એ ઈન્સાનિયત પર પ્રતિબંધ મુકવામાં આવી રહ્યો છે. હવે ગુલાંટ મારી રહ્યા છે. પાકિસ્તાન સરકારને ભય છે કે હાફિઝ સામે કાર્યવાહી કરવાની સ્થિતીમાં તેમની સરકાર સામે ખતરો ઉભો થઈ શકે છે. તેમની સામે નારાજગી વ્યક્ત કરીને લોકો મેદાનમાં આવી શકે છે. પાકિસ્તાનમાં અરાજકતા ફેલાઈ શકે છે. પાકિસ્તાન ત્રાસવાદીઓના મુખ્ય કેન્દ્ર તરીકે છે. મોટા ત્રાસવાદી પાકિસ્તાનમાં સંતાઈને રહે છે. અનેક વૈશ્વિક ત્રાસવાદીઓ પાકિસ્તાનને તેમના માટે સ્વર્ગસમાન ગણે છે. પાકિસ્તાન ત્રાસવાદીઓના કેન્દ્ર તરીકે છે તે વાત અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કરી છે. છતાં વૈશ્વિક સમુદાય દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી. લશ્કરે તોયબાના લીડર ફાફિઝ સઈદને વર્ષ ૨૦૧૪માં અમેરિકા આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી તરીકે જાહેર કરી ચુક્યુ છે. તેના પર વર્ષ ૨૦૧૨માં એક કરોડ ડોલરનુ ઈનામ પણ જાહેર કરવામાં આવ્યુ હતુ. ઈમરાનુ નિવેદન દર્શાવે છે કે ત્રાસવાદીઓના ભયથી પાકિસ્તાન સરકાર પોતે ભયભીત છે અને કાર્યવાહી કરવા માટેની હિમ્મત પાકિસ્તાન સરકારમાં નથી. ભારતના પુરાવાને પાકિસ્તાન સરકાર ભયના કારણે પુરાવા તરીકે ગણતી નથી. ત્રાસવાદીઓ પર પાકિસ્તાન સરકારનુ કોઈ નિયંત્રણ નથી. પાકિસ્તાન ભારતને સલાહ આપે છે કે જો તેની પાસે કોઈ નક્કર પુરાવા છે તો તે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં રજૂ કરી શકે છે. પાકિસ્તાન સરકાર સારી રીતે જાણે છે કે જો ત્રાસવાદીઓ સામે કોઈ પગલા લેવામાં આવશે તો તેમની સરકાર સામે ખતરો સર્જાઈ જશે. પાકિસ્તાન સરકારની જાહેરાત બાદ ભારત સરકારને વધારે સાવધાન અને એલર્ટ થવાની જરૂર દેખાઈ રહી છે. ત્રાસવાદીઓને યોગ્ય જવાબ આપવા માટેનો સમય આવી ગયો છે. હાફિઝ પાકિસ્તાન માટે મોટા પડકાર તરીકે છે.

હાફિઝ સામે પગલાઓ લેવાશે તો હિંસા ફેલાશે તેવો ભય પાકિસ્તાન સરકારને છે

મોદીને બીજા પાંચ વર્ષ મળે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બીજા પાંચ વર્ષ માટે સત્તા મળવી જોઈએ કે કેમ તેને લઈને દેશના તમામ લોકોમા ફરી ચર્ચા છેડાઈ ગઈ છે. એકબાજુ તેમના વિરોધી લોકો અને દેશના વડાપ્રધાન બનવા માટેના સપના જોતા એક ડઝનથી વધારે દાવેદાર મોદી હટાવો દેશ બચાવોના ગાણા ગાઈ રહ્યા છે. આ દાવેદારોનુ કહેવુ છે કે મોદીના કારણે દેશને ખતરો છે. પરંતુ લોકો પુછવા માંગે છે કે મોદીથી દેશને કેવા પ્રકારનો ખતરો છે જે ખતરો આ દાવેદારોથી રહ્યો નથી. આ તો વિચારવા માટેનો પ્રશ્ન છે. જો કે દેશના લોકો કેટલીક બાબતને લઈને ગર્વ ચોક્કસપણે અનુભવ કરી શકે છે. તેમના શાસનકાળમાં વિરોધીઓ ભલે બુમાબુમ મચાવે પરંતુ એક બાબત તો સ્પષ્ટ છે કે તેમની સ્પષ્ટ, સાહસી અને દુરદર્શી નીતિના કારણે તમામ ક્ષેત્રોમાં ભારત આગળ વધી રહ્યુ છે. વિશ્વમાં આજે ભારતની બોલબાલા છે. અગાઉના સમયમાં દરરોજ અખબારોમાં ભ્રષ્ટાચારના સમાચાર આવતા રહેતા હતા. જો કે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં મોદી શાસન હેઠળ કોઈ ભ્રષ્ટાચાર થયા નથી. મોદીના શાસનમાં એવા નિર્ણય લેવામાં આવ્યા છે જે નિર્ણય પહેલા ક્યારેય લઈ શકાયા ન હતા. નોટબંધી, જીએસટી જેવા સાહસી નિર્ણય કરવામાં આવ્યા હતા. આ તમામ નિર્ણયોને કારણે સામાન્ય લોકોને પરેશાની થઈ હોવા છતાં તેમના સારા પરિણામ મળ્યા છે. દેશમાં ટેક્સ ભરનાર લોકો વધ્યા છે. ભાજપની પાસેથી લોકોની અપેક્ષા વધી છે. લોકો વિરોધ કરે છે. કારણ કે તેમને લાગે છે કે આ વ્યક્તિ તેમની ઈચ્છાને પૂર્ણ કરી શકે છે. સર્જિકલ સ્ટ્રાઈક જેવા હુમલા પાકિસ્તાનને બોધપાઠ ભણાવી દેવા માટે કરવામાં આવ્યા હતા.

ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડની જમીન પર ડંકો વગાડી દીધા બાદ મત...

વર્લ્ડ કપ માટેની ટીમ હવે મળી ગઈ



વર્લ્ડ કપમાં સતત શાનદાર દેખાવ કરતી રહેલી ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમને તેની જમીન પર હરાવવુ મહત્વપૂર્ણ છે

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડને તેમની જમીન પર પરાજિત કરીને ભારતીય ટીમે દુનિયામાં ડંકો વગાડી દીધો છે. ટીમ ઈન્ડિયાના નૈતિક જુસ્સાને આસમાન પર પહોંચાડી દેવામાં સફળતા મળી છે. બંને ટીમોને તેમના હોમ ગ્રાઉન્ડ પર પરાજિત કરવાની બાબત ખુબ ઉપયોગી છે. કારણ કે આ બંને ટીમો વર્લ્ડ કપમાં સતત સારો દેખાવ કરતી રહી છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓનો નૈતિક જુસ્સો આસમાને છે. ઓસ્ટ્રેલિયાની ટીમ તો રેકોર્ડ પાંચ વખત વિશ્વ ચેમ્પિયન બની ચુકી છે. જ્યારે ન્યુઝીલેન્ડની ટીમ પણ અનેક વખત વર્લ્ડ કપમાં સેમીફાઈનલ સુધી પડકાર ફેંકતી રહી છે. વર્ષ ૨૦૧૫માં યોજાયેલા છેલ્લા વર્લ્ડ કપમાં તે રનર્સ અપ રહી હતી. ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં શાનદાર દેખાવથી ખુબ મદદ મળશે. હવે કહી શકાય છે કે વર્લ્ડ કપ માટે અમને એક મજબુત અને ફેવરીટ ટીમ મળી ગઈ છે. જે ટીમની અમને જરૂર હતી તે ટીમ મળી ગઈ છે. કેપ્ટન વિરાટ કોહલીએ બંને સિરિઝમાં તેની કેપ્ટનશીપની સાથે સાથે બેટિંગની કુશળતા દર્શાવી છે. સફળતાના મામલામાં તે વેસ્ટ ઈન્ડિઝના મહાન ખેલાડી ક્લાઈવ લોઈડ બાદ બીજી સ્થાને આવી ગયો છે. લોઈડે ૮૪ મેચોમાં વિન્ડીઝ ટીમની કેપ્ટનશીપ સંભાળી હતી. જેમાં ૬૪માં જીત મેળવી હતી. ૧૮માં તેમની હાર થઈ હતી. તેમની સફળતાની ટકાવારી ૭૭.૭૧ ની રહી હતી. બીજી બાજુ વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે ૬૩ મેચોમાં કેપ્ટનશીપ કરી છે જે પૈકી ૪૭માં જીત અને ૧૪માં હાર થઈ છે. વિરાટ કોહલી બીજા સ્થાને છે. તેની સફળતાની ટકાવારી ૭૬.૬૧ ટકા રહી છે. વર્લ્ડ કપની દ્રષ્ટિએ ભારતીય ટીમને હવે દરેક પોઝિશન માટે સારા ખેલાડી મળી ગયા છે. મહેન્દ્ર સિંહ ધોનીના વિકેટકિપર તરીકે રમવાથી અને તેની બેટિંગ ચોથા નંબરને લઈને ચિંતા પહેલા થતી રહી છે. જો કે હવે આ ચિંતા દુર થઈ રહી છે. કારણ કે તે હાલમાં જોરદાર ફોર્મમાં હોવાની સાબિતી આપી ચુક્યો છે. ધોની વર્ષ ૨૦૧૮માં રમાયેલી ૨૦ મેચોમાં અપેક્ષા મુજબની બેટિંગ કરી ન હતી. જો કે હવે ઓસ્ટ્રેલિયા અને ત્યારબાદ ન્યુઝીલેન્ડ પ્રવાસમાં તે પોતાની કુશળતા સાબિત કરી ચુક્યો છે. તે હાલમા ટિકા કરનાર લોકોના પણ પસંદગીના બેટ્સમેન તરીકે ઉભરી આવ્યો છે. ધોનીએ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ત્રણ મેચોમાં ત્રણ અડધી સદી કરીને તમામ ટિકાકારોને જવાબ આપ્યો હતો. તે મેન ઓફ ધ સિરિઝ જાહેર કરાયો હતો. ટીમ ઈન્ડિયાની સૌથી મોટી સમસ્યા ચોથા નંબરની રહી છે. કેટલાક બેટ્સમેનોનો પ્રયોગ કર્યા બાદ હવે રાયડુ પર સોઈ રોકાઈ ગઈ છે. રાયડુ ઓસ્ટ્રેલિયાની શ્રેણીમાં ફ્લોપ રહ્યો હતો. જ્યારે ન્યુઝીલેન્ડના પ્રવાસમાં તે સફળ સાબિત થયો છે. હાર્દિક પંડ્યાને સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ લાગ્યુ હતુ કે ટીમમાં તાલમેળ બગડી જશે પરંતુ ટીમ હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહી છે. હાર્દિક પંડ્યા વિસ્ફોટક બેટ્સમેન તરીકે ઉભરી આવ્યો છે. હાર્દિકને સામેલ કરવામાં આવ્યા બાદ ટીમ પાંચ બેટ્સમેનો સાથે મેદાનમાં ઉતરી શકે છે. તેમની સાથે જશપ્રીત બુમરાહ અને મોહમ્મદ શામી રમે તેવી પ્રબળ શક્યતા છે. કુલદીપ યાદવ અને યુજવેન્દ્ર ચહલ બોલિંગમાં શાનદાર રહ્યો છે. યોગ્ય રીતે કહેવામાં આવે તો બુમરાહ અને કુલદીપ વિશ્વ કપ જીતાડી દેવામાં ભારત માટે ટ્રમ્પકાર્ડ બની શકે છે. આ એવા બોલર છે જે જો પીચની થોડીક પણ મદદ મળે તો કમાલ કરી શકે છે. ટીમમાં તેમની સાથે શમી અને ચહેલ મળી જાય તો સોને પે સુહાગા હોઈ શકે છે. રોહિત શર્મા અને શિખર ધવન હાલમાં ઓપનિંગમાં લાંબી ભાગીદારી કરી શક્યા નથી પરંતુ તેમની જોડી વર્લ્ડમાં બેસ્ટ હોવાની માહિતી મળી છે. બંને હાલમાં જોરદાર રંગમાં છે. પૃથ્વી શો ત્રીજા સ્થાને જોરદાર દેખાવ કરી શકે છે પરંતુ તે હાલમાં ઘાયલ છે. ભારતીય ટીમ વિશ્વમાં અન્ય તમામ ટીમો કરતા વધારે હોટફેવરીટ છે તેમાં કોઈ બે મત નથી. ભારતીય ટીમ વર્લ્ડ કપ જીતવા માટે હાલમાં સૌથી ફેવરીટ ટીમ હોવાનો દાવો કોઈ પણ ભારતીય ચાહકો કરી શકે છે.

વડાપ્રધાન બનવાના સપના જોતા દાવેદારો પાસે કોઈ વિજન જ નથી...

નરેન્દ્ર મોદી નહીં તો અન્ય કોણ



બંગાળમાં હાલમાં એક ડઝન પીએમ બનવાના સપના જોતા દાવેદારો ભેગા થયા : દાવેદારો પૈકી કોઈની લાયકાત છે તેને લઈને લોકોમાં ચર્ચા

આજની આ રાજકીય ભૂકંપની સ્થિતીને જોતા લોકશાહીની હત્યા કરવાના પ્રયાસ થઈ રહ્યા હોવાની અનુભુતિ થઈ રહી છે. હાલમાં જે ઘટનાઓ બંગાળમાં જોવા મળી છે તે ઘટનાઓ પહેલા ક્યારેય જોવા મળી ન હતી. દેશની સૌથી મોટી તપાસ સંસ્થા સીબીઆઈના અધિકારીઓને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. આ જઘન્ય અપરાધ બંગાળની પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો. હાલમાં જે સત્તાના લાલચી લોકો દેશને બદનામ કરવાના પ્રયાસ કરી રહ્યા છે તેવા લોકોને સમર્થન આપી રહ્યા છે. બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી એવા અધિકારીની સમર્થનમાં ધરણા કરી રહ્યા હતા જે કેટલાક મામલે ખાસ પ્રકારની માહિતી ધરાવે છે. શારદા ચીટ ફંડ મામલે જેમની સામે તપાસ ચાલી રહીછે અને જે વ્યક્તિ માહિતી ધરાવે છે તેમની પુછપરછ કરવા માટે સીબીઆઈની ટીમ પ્રયાસ કરી રહી છે પરંતુ તક મળી નથી. કેટલીક વખત સીબીઆઈની ટીમ દ્વારા પોલીસ કમીશનર રાજીવ કુમારની સામે સમન્સ જારી કરવામા આવ્યાહોવા છતાં તેમની પાસે સમય રહ્યો ન હતો. વારંવાર પુછપરછને ટાળવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જ્યારે સીબીઆઈની ટીમ આખરે પુછપરછ કરવા માટે પહોંચી ત્યારે તેમની પોલીસે કોલકત્તામાં અટકાયત કરી લીધી હતી. આખરે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો હતો. મમતા બેનર્જી દ્વારા આવા પોલીસ અધિકારીઓન તરફેણમાં ધરણા કેમ કરવામાં આવ્યા તે પ્રશ્ન હજુ કોઈને સમજાતો નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહી ચુક્યા છે કે મમતા બેનર્જી હવે ડરી ગયા છે. ભ્રષ્ટ અધિકારીઓને બચાવી રહ્યા છે. તેમની વાતમાં દમ લાગે છે. આજે તમામ લોકોને સૌથી મોટો પ્રશ્ન સતાવી રહ્યો છે તે એ છે કે આખરે મોદીની જગ્યાએ અન્ય કોઈ દાવેદાર છે જે વડાપ્રધાન તરીકે દેશને આગળ લઈ જઈ શકે. હાલમાં કોલકત્તામાં એક ડઝનથી વધારે વડાપ્રધાન બનવા માટે ઈચ્છુક અને સપના જોતા દાવેદાર એકત્રિત થયા હતા. સામાન્ય લોકોમાં એવી ચર્ચા છે કે તેમની પાસે દેશ માટે કોઈ વિજન નથી અને જો છે તો હજુ સુધી રજૂ કરવાની સ્થિતીમાં નથી. જે લોકો કોલકત્તામાં એકત્રિત થયા હતા તે લોકોનો એક જ મુદ્દો હતો કે મોદી હટાવો દેશ બચાવો. જો કે મોદીથી દેશને કયા પ્રકારનો ખતરો છે જે આ દાવેદારોથી નથી. આ વિચારવા માટેનો વિષય છે. દેશમાં રાજીવ ગાંધી બાદ કોઈ સરકાર પૂર્ણ બહુમતિ સાથે બની છે તો તે મોદીના નેતૃત્વમાં સરકાર બની છે. મોદી સરકારના શાસન કાળમાં ભ્રષ્ટાચારના કોઈ મામલા સપાટી પર આવ્યા નથી. તે બાબતની નોંધ દેશના લોકો લે તે જરૂરી છે. વિશ્વમાં ભારતની છાપ સુધરી છે તે બાબત પણ સ્પષ્ટ છે. એવુ હોઈ શકે કે મોદી કેટલાક લોકોને પસંદ ન હોય અથવા તો તેમન નીતિથી તેમને પરેશાની થઈ હોત. દેશના લોકો સામે એક પ્રશ્ન તો છે કે જો મોદી નહીં તો કોણ દાવેદાર છે જે વડાપ્રધાન બનવા માટે લાયક યોગ્યતા ધરાવે છે. જે દાવેદારો હોવાની ચર્ચા છે તેમાં રાહુલ ગાંધી, મમતા બેનર્જી, માયાવતી, મુલાયમ સિંહ, ચન્દ્રાબાબુ નાયડુ, લાલુ યાદવ અને અરવિન્દ કેજરીવાલનો સમાવેશ થાય છે. જાણકાર લોકો કહે છે કે રાહુલને લઈને ટિકાકારો કહે છે કે તેઓ એક પૂર્વ વડાપ્રધાનના પુત્ર છે. પરિવારમાં અનેક સભ્યો વડાપ્રધાન હતા. રાહુલના પિતા એક પાયલોટ હતા. ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવ્યા બાદ કેટલાક જી હજુરી કરનાર લોકોએ રાજીવને વડાપ્રધાન બનાવ્યા હતા. વિરોધી લોકો કહે છે કે કોંગ્રેસમાં એકથી એક લીડરો હતા છતાં કેટલાક લોકોએ તેમને તક આપી ન હતી. મમતા બેનર્જીની વાત કરવામાં આવે તો આ મહિલા તો બંગાળને પૂર્ણ ભારત સમજી રહી છે. દેશની સર્વોચ્ચ તપાસ સંસ્થાને પણ અટકાયત કરીને તેમની લાયકાત કેવા પ્રકારની છે તેની સાબિતી આપી દીધી છે. શારદા ચિટ ફંડના રાજ ન ખુલે તે માટે અધિકારીઓને અટકાયતમાં લઈ લીધા. માયાવતીની એક પણ સીટ લોકસભામાં નથી છતાં વડાપ્રધાન બનવાના સપના જુએ છે. ત્રણ વખત મુખ્યપ્રધાન રહ્યા છતાં કોઈ દલિત સમુદાયને આગળ લઈ જઈ શક્યા નથી. પોતાની મુર્તિઓ બનાવીને પોતાને મહાન જાહેર કરવાના પ્રયાસ કરી દેવામાં આવ્યા છે. નાયડુને હવે દેવગૌડાની જેમ વડાપ્રધાન બનવાના સપના આવે છે. પરંતુ તેમના પર લાગેલા આરોપો પણ તમામ જાણે છે. આશરે પદ્ધ કોંભાડમાં તેમનુ નામ છે.

તું નહીં તો તારો ફોટો નહીં ચાલે અને ફોટોકોપી તો બિલકુલ જ નહીં ચાલે



હવે આ વાત તમારે બરાબર ગાંઠે બાંધી લેવા જેવી છે કે...

ઊગતો સૂરજ હોય કે ઢળતો સૂરજ, દરિયાનાં મોજાં હોય કે પહાડ પર છવાયેલું ધુમ્મસ, તમારા મનગમતા કલાકારની મ્યુઝિકલ કૉન્સર્ટ હોય કે કોઈ નજીકની વ્યક્તિનાં લગ્ન - બધેબધું આપણે ક્લિક કરી લેવું છે. દરેક હાથમાં રહેલા મોબાઇલ અને મોબાઇલમાં રહેલા કૅમેરાની સૌથી મોટી દેન એ છે કે એમાં તમે મનફાવે અને મનમાને એટલા ફોટો પાડી શકો છો. એક સર્વે મુજબ દરેક બાબતના ફોટો પાડવાની ટેવથી તમારા ફોન કે કમ્પ્યુટરની મેમરી તો ભરાય છે, પણ તમારા મગજની મેમરી નબળી પડે છે. એક્સપર્ટના મતે આજકાલ લોકોમાં ફોટો પાડવાનું વળગણ એક બીમારીરૂપી આદતમાં પરિણમ્યું છે. બને એટલા વધુ ફોટો પાડવાની લાયમાં લોકો શું મિસ કરી રહ્યા છે એની જાણવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી વિગતો વાંચો આગળ રોલવાળા કૅમેરા તમારામાંના ઘણા લોકોએ વાપર્યા હશે. બહાર જવાનું હોય ત્યારે કૅમેરામાં રોલ નાખો અને રોલની તથા કૅમેરાની કૅપેસિટી પ્રમાણે ગણતરીના ફોટો પાડી શકાતા. એમાં પણ જો ક્યારેક રોલ ખૂલી ગયો કે સહેજ સનલાઇટ એના પર પડી ગઈ તો ફોટોની ક્વૉલિટી બગડી પણ જતી. ખૂબ જ સાચવણી સાથે ગણી-ગણીને ફોટો પડાતા અને જીવનની ખાસ ઘડીઓને જીવનભર સાચવી લેવાનો પ્રયાસ થતો. પ્રત્યેક ફોટો એ ઘડી જેટલો જ મૂલ્યવાન હતો. ટેક્નૉલૉજીની કમાલ થઈ અને દરેક હાથમાં મોબાઇલની સાથે કૅમેરા આવી ગયો. કૅમેરા કરતાં પણ વધુ સારી ક્વૉલિટીના અને જોઈએ એટલા ફોટો આપણે આપણા હાથમાં રહેલા નાનકડા મોબાઇલમાં જ પાડી શકીએ છીએ. એમાં પણ હવે રોલની કૅપેસિટી પ્રમાણે ગણતરીપૂર્વકના ફોટોની કોઈ મર્યાદાની ચિંતા નથી. મેમરી કાર્ડની કૅપેસિટી એટલી વધી છે કે તમારા હાથ થાકશે પણ એ જગ્યા નહીં ભરાય. જ્યારે અપરંપાર મળે ત્યારે બે જ બાબત બનતી હોય છે : કાં તો તે વ્યક્તિ વિવેકબુદ્ધિ ભૂલીને આડેધડ એનો ઉપયોગ કરવા માંડે અથવા તો એની વૅલ્યુ આપણા માટે ઘટી જાય. આજના સમયમાં કૅમેરાના ઉપયોગમાં વિવેકબુદ્ધિનો અભાવ સંપૂર્ણપણે વર્તાઈ રહ્યો છે. અમેરિકાની ફેરફેલ્ડ યુનિવર્સિટીના સંશોધક લિન્ડા હેન્કેલે કરેલા એક સર્વેક્ષણ મુજબ લોકો જ્યારે ફોટો પાડવાની હિલચાલમાં વધુ ઇન્વૉલ્વ હોય છે ત્યારે તેમની એ જગ્યાની યાદશક્તિ ખૂબ જ નબળી થઈ જતી હોય છે. એટલે કે યાદગીરીરૂપ જેનો ફોટો લેવામાં આવતો હોય તેની મેમરી માત્ર ફોટો પૂરતી મર્યાદિત થઈ જતી હોય છે અને તમારા મગજમાં એ મેમરી સચવાતી નથી. લગભગ ૩૦ વિદ્યાર્થીઓ પર રેન્ડમલી કરવામાં આવેલા પ્રયોગને ભૂલીને આપણે આપણા પોતાના જીવનનું નિરીક્ષણ કરીશું તો પણ સમજાશે કે ઘણીબધી વાર આપણે ફોટો પાડીને યાદ રાખવાનું કામ જાણે કૅમેરાને આપીને નિષ્ક્રિકર થઈ જતા હોઈએ છીએ. આ જ સંદર્ભમાં આપણે ત્યાંના નિષ્ણાતો સાથે વાતચીત કરીએ.

શું કામ થાય?

આજે ફોટોગ્રાફ હોય તો જ લોકો તમે ક્યાંક ગયા હતા અથવા તો તમે કંઈક ખાસ કર્યું હતું એ વાત પર ભરોસો મૂકે છે. ક્લિનિકલ સાઇકોલૉજિસ્ટ ડૉ. સુષમા મેહરોત્રા કહે છે, 'ફોટો પાડવાનું સરળ બન્યું છે, પણ લોકો માત્ર પોતાના માટે ફોટો નથી પાડતા. પાડેલા એ ફોટો તેમને સોશ્યલ મીડિયા પર અપલોડ કરવા હોય છે. એક પ્રકારનું અટેન્શન-સીકિંગ બિહેવિયર છે આ. પોતે શું કરી રહ્યા છે, ક્યાં જઈ રહ્યા છે અથવા તો પોતે પોતાના જીવનમાં કેટલાક ખુશ છે એ સોશ્યલ મીડિયા પર મૂકીને લોકો વાહ-વાહ અથવા લાઇક્સ મેળવવાની કોશિશ કરે છે. લોકોનું અપ્રૂવલ તેમના માટે એટલું જરૂરી છે કે તેઓ વાસ્તવિક મોમેન્ટને એન્જૉય નથી કરી શકતા. એવા અઢળક લોકો મેં જોયા છે જેઓ સનસેટ જોવા ગયા છે, પણ સનસેટ તો તેમણે જોયો જ નહીં અને એનો ફોટો પાડવાના ચક્કરમાં કૅમેરા સેટ કરવામાં સમય વિતાવી દીધો હોય.'

સેલ્ફ-માર્કેટિંગ

આજકાલના લોકો પોતાને એક પ્રોડક્ટની જેમ જોતા થયા છે. જેમ એક બિઝનેસમૅન પોતાની પ્રોડક્ટને વેચવા માટે એને અટ્રૅક્ટિવ ફૉર્મેટમાં રજૂ કરે છે એમ જ આજના લોકો પોતાનું જીવન કેટલું ઇન્ટરેસ્ટિંગ અને કલરફુલ છે એનું માર્કેટિંગ કરતા થયા છે. કાઉન્સેલર ડૉ. શ્રીધર મોદક કહે છે, 'આજને ભૂલીને ભવિષ્યનો વિચાર કરવાથી આજ પણ બગડે છે અને ભવિષ્યની તો ખબર જ નથી. આ સામાન્ય ફિલોસૉફી ફોટો-ઍડિક્ટને લાગુ પડે છે. એવા અઢળક પરિવારો મેં જોયા છે જેઓ ફરવા માટે બહાર નીકળ્યા હોય અને આખું ગ્રુપ સાથે બેસીને ગપ્પાં મારવાને બદલે અડધો-અડધો કલાક સેલ્ફી લેવામાં મગ્ન હોય છે. આજુબાજુની એકેય હરિયાળી કે સુંદરતા સાથે જાણે તેમને કોઈ લેવાદેવા જ ન હોય એ રીતે તેઓ બેધડક બિહેવ કરતા હોય છે. આ અપ્રોચ સાઇકોલૉજીની ભાષામાં કહીએ તો લોકોના લો સેલ્ફ-એસ્ટીમને છતો કરે છે. બેશક, નૉર્મલી શૅર કરો ત્યારે નહીં પણ એક્સ્ટ્રીમ લેવલ પર શૅરિંગ થાય ત્યારે આ કારણ પણ હોઈ શકે છે. સોશ્યલ મીડિયામાં શૅરિંગ ઓછું અને માર્કેટિંગ વધુ થાય છે. પોતાનું સ્ટેટસ, પોતાની ઍક્ટિવિટી, પોતાની સક્સેસ એમ બધી જ બાબતોનું માર્કેટિંગ કરીને લોકો પોતાને પાવરફુલ અને ખુશ દેખાડવાના પ્રયત્નો કરે છે. આમાં અંદરખાને ક્યાંક ને ક્યાંક પોતાની હૅપીનેસ લોકોની લાઇક્સ અને કમેન્ટમાં શોધવાના પ્રયત્નો કરે છે. નૉર્મલ પ્રોડક્ટ માર્કેટિંગ કરીને લોકો બિઝનેસ વધારે છે, જ્યારે અહીં હૅપીનેસ વધારવાના પ્રયત્નો થાય છે.'

એક જાતની બીમારી?

સાઇકિયાટ્રિસ્ટ ડૉ. મિલિંદ બારહાતેની દૃષ્ટિએ ફોટો પાડવાની આદત હવે બીમારીનું રૂપ ધારણ કરી રહી છે અને પરિવારોમાં કંકાસનું કારણ પણ બની રહી છે. તેઓ કહે છે, 'તાજેતરમાં મારી પાસે એક કેસ આવેલો જેમાં કપલ વચ્ચે ઝઘડાનું કારણ બન્યા ફોટોગ્રાફ્સ. પતિ-પત્ની ફરવા જાય તો પત્ની આખો દિવસ ફોટો પાડવા માટેના આગ્રહ કરતી રહેતી હતી. પતિને ફોટોનો ખાસ શોખ નહોતો. એમાં બન્ને વચ્ચે ઝઘડો થયો અને ઝઘડામાં બીજી પણ આડીઅવળી વાતો બહાર આવી. ઝઘડો મોટો થયો અને લાંબો પણ થયો અને છેલ્લે અમારી પાસે આવવાની ફરજ પડી. જ્યારે એકની એક બાબત વારંવાર કર્યા કરો અને જાતે એના પર કન્ટ્રોલ કરી શકાય એવું ન લાગે એ એક્સ્ટ્રીમ પરિસ્થિતિ ઑબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઑર્ડર તરીકે ઓળખાતી હોય છે.

તમારા પરિવારમાં બે વ્યક્તિઓને આંતરડાનું કેન્સર હોય તો આ જિનેટિક ટેસ્ટ ચોક્કસ કરાવો



કૅન્સર એક એવી બીમારી છે, જે વારસાગત આવી શકે છે. ઘણાં જુદાં-જુદાં કારણો છે કૅન્સર થવા પાછળ. પરંતુ તમારા કુટુંબમાં કૅન્સર છે તો એ તમને પણ થઈ શકે છે, કારણ કે આ એક જિનેટિક બીમારી પણ છે. હાલમાં રાયગઢ જિલ્લાના પેણમાં રહેતા એક કુટુંબમાં પિતાને આંતરડાનું કૅન્સર હતું અને તેમનું પચાસ વર્ષે ઑપરેશન કરવામાં આવ્યું અને તેમને બચાવવામાં આવ્યા એના દોઢ વર્ષ પછી તેમના જ દીકરાને ૧૯ વર્ષે આંતરડાનું કૅન્સર આવ્યું હતું. તેનું હાલમાં એક મહિના પહેલાં જ ઑપરેશન કરીને તેને બચાવવામાં આવ્યો. ૧૯ વર્ષ જેટલી નાની ઉંમરે એક છોકરાને કૅન્સર આવી શકે એ કલ્પના જ અઘરી છે. ડૉક્ટરો પણ આ ઉંમરના દરદી આવે તો તેનાં ચિહ્નો જોઈને બીજા પ્રૉબ્લેમ્સની સંભાવના ચકાસતા હોય છે અને જાતજાતની ટેસ્ટ કરવામાં સમય વેડફાય ત્યાં સુધીમાં કૅન્સર ઘણું વધી જાય છે. પરંતુ આ છોકરામાં કદાચ નિદાન જલદી એટલે શક્ય બન્યું, કારણ કે તેના પિતાને પણ આ કૅન્સર હતું. નવાઈની વાત એ છે કે તેના પિતાને આંતરડાના જે ભાગમાં કૅન્સર હતું એ જ ચોક્કસ ભાગમાં આ છોકરાને પણ હતું. જીન્સ કેટલી હદે અને કઈ રીતે કામ કરતા હોય છે એ આ ઉદાહરણ પરથી સમજી શકાય.

નિદાન મુશ્કેલ

આંતરડાના કૅન્સરને કોલન કે કોલોરેક્ટલ કૅન્સર કહે છે. વ્યવસ્થિત સમજીએ તો કોલોરેક્ટલ કૅન્સર એ કૅન્સરની એવી ગાંઠ છે જે મોટા આંતરડાની દીવાલની અંદર ઉદ્ભવે છે. અમેરિકામાં આ કૅન્સરને પુરુષોમાં થતું ત્રીજા નંબરનું અને સ્ત્રીઓમાં થતું ચોથા નંબરનું કૅન્સર ગણવામાં આવે છે. આંતરડાનું કૅન્સર પેટમાં ઉદ્ભવતાં અલગ-અલગ અંગોમાંનાં કૅન્સરમાંથી એક છે, જેનું જલદી નિદાન કરવું મુશ્કેલ છે; કારણ કે એનાં ચિહ્નો પહેલા સ્ટેજમાં બહાર દેખાતાં નથી. જોકે અમુક સામાન્ય ચિહ્નોને જો સમયસર ઓળખી કાઢીએ તો બચવું શક્ય છે. બીજાં કૅન્સરની જેમ જ આ કૅન્સરને પણ જો જલદી શરૂઆતી સ્ટેજમાં ઓળખી લેવાય તો દરદીને ચોક્કસ બચાવી શકાય છે.

એટલે જો પરિવારમાં બે વ્યક્તિઓને આ કૅન્સર હોય તો એ વ્યક્તિઓનાં ભાઈ-બહેન અને પુત્ર-પુત્રી કે પૌત્ર-પૌત્રીએ પણ આ બકલ મ્યુકોસા નામની જિનેટિક ટેસ્ટ કરાવવી જોઈએ જેનાથી ખબર પડી શકે છે કે તેમને આ કૅન્સર થવાની કેટલી શક્યતા છે. જો રિસ્ક હોય તો પ્રિવેન્ટિવ સર્જરી કરાવીને આ કૅન્સરથી બચી શકાય છે

ખાસ ચિહ્નો

એ માટે અમુક ચિહ્નો પણ ઓળખવાં જરૂરી છે. એ વિશે જણાવતાં ઝેન હૉસ્પિટલ, ચેમ્બુરના ફાઉન્ડર ડિરેક્ટર, ગૅસ્ટ્રોએન્ટરોલૉજિસ્ટ અને લેપ્રોસ્કોપિક સર્જ્યન ડૉ. રૉય પાટણકર કહે છે, 'ખાસ કરીને આ રોગ વંશાનુગત હોઈ શકે છે એ યાદ રાખવું. જો વ્યક્તિનું અચાનક જ વજન ઊતરી જાય તો પણ તાત્કાલિક ડૉક્ટરને મળીને જરૂરી ટેસ્ટ કરાવવી જોઈએ. આ કૅન્સરને કારણે લોકોનું વજન ઊતરી જાય છે. આ સિવાય જેને કોઈ પણ દવા લીધા વગર જ ડાયેરિયા અને કબજિયાત બન્ને વારાફરતી રહેતાં હોય તેમણે પણ ડૉક્ટરને મળીને ટેસ્ટ કરાવી લેવી. કોઈ વ્યક્તિ રેચક પદાર્થ લેતી હોય તો તેને આ તકલીફ થાય એ જુદું, પરંતુ કોઈ પણ રેચક પદાર્થ લીધા વગર જ એક અઠવાડિયું ડાયેરિયા હોય અને બીજા અઠવાડિયે કબજિયાત હોય તો આ કૅન્સર હોવાની શક્યતા છે. આ સિવાય મળમાં લોહી પડવું કે કાળા રંગનો મળ થઈ જવો, થાક, નબળાઈ, ટૂંકા શ્વાસ, પાચન પ્રક્રિયા નબળી પડવી, પેટમાં દુખાવો વગેરે ચિહ્નો પણ મહત્વનાં છે. આ ચિહ્નો બીજા રોગોનાં પણ હોઈ શકે છે, પરંતુ એવી ગફલતમાં ન રહેવું અને નિષ્ણાત ડૉક્ટરને મળીને તપાસ ચોક્કસ કરાવી લેવી.'

ઇલાજ

આ રોગમાં જોકે ચિહ્નો જલદી બહાર આવતાં નથી. એટલે સ્ક્રીનિંગ પ્રોગ્રામ ખૂબ જ મહત્વના છે. આ કૅન્સરનું નિદાન કોલનોસ્કોપી સાથે ગાંઠની બાયોપ્સી કરીને કરવામાં આવે છે. એ કર્યા પછી ખબર પડે છે કે વ્યક્તિને કોલન કૅન્સર છે કે નહીં. એ પછીના ઇલાજ વિશે સમજાવતાં ડૉ. રૉય પાટણકર કહે છે, 'આ કૅન્સરનો ઇલાજ ગાંઠ કઈ જગ્યાએ ઉદ્ભવી છે, એની સાઇઝ શું છે અને એ કેટલી હદે ફેલાયેલું છે એના પર રહેલો છે. આ કૅન્સરના મુખ્ય ઇલાજરૂપે સર્જરી કરવામાં આવે છે. એના પછી જરૂરી કીમોથેરાપી આપવામાં આવે છે. આ કૅન્સર લીવર કે ફેફસાં સુધી પણ ફેલાઈ શકે છે. આ સંજોગોમાં મોટા ભાગે દરદીનું મૃત્યુ નિશ્ચિત હોય છે, પરંતુ આ અવસ્થામાં પણ એક જિનેટિક ટેસ્ટ થાય છે. એ મુજબ દરદીના શરીરમાં બાયોલૉજિકલ એજન્ટ્સ હોય તો મૉનોક્લોનલ ઍન્ટિબૉડીઝ દવારૂપે આપવાથી વ્યક્તિ ૪-૫ વર્ષનું જીવન વધુ જીવી શકે છે. આ ઍડ્વાન્સ્ડ ઇલાજ છે, જે ત્રીજા કે ચોથા સ્ટેજમાં પણ દરદીને જિવાડવામાં મદદ કરે છે.'

પ્રિવેન્શન

આ કૅન્સર જિનેટિક હોઈ શકે છે એ તો વિજ્ઞાન જાણતું જ હતું. પરંતુ હવે આપણી પાસે એક જિનેટિક ટેસ્ટ છે, જેના દ્વારા આપણે જાણી શકીએ છીએ કે વ્યક્તિને આ કૅન્સર આવવાની શક્યતા છે કે નહીં. આ ટેસ્ટ વિશે વાત કરતાં ડૉ. રૉય પાટણકર કહે છે, 'આ ટેસ્ટને બકલ મ્યુકોસા ટેસ્ટ કહે છે, જેમાં મોઢાની અંદરથી ગાલનાં ગલોફાં પાસેથી કોષોનું એક સૅમ્પલ લેવામાં આવે છે અને આ કૅન્સરના જીન્સનું મ્યુટેશન એ વ્યક્તિમાં થઈ રહ્યું છે કે નહીં એ તપાસવામાં આવે છે. એના દ્વારા ખબર પડે છે કે આ વ્યક્તિ પર આંતરડાનું કૅન્સર થવાનું રિસ્ક કેટલું છે. જે વ્યક્તિના ઘરમાં આ કૅન્સર હોય, એક નહીં; પરંતુ બે જણને આ કૅન્સર હોય તો તેમના ઘરમાં ખાસ કરીને તેમનાં ભાઈ, બહેન અને નેક્સ્ટ જનરેશન એટલે કે તેમના પુત્ર કે પુત્રીએ તો ખાસ આ ટેસ્ટ કરાવવી જ જોઈએ; કારણ કે જો આ દ્વારા જાણી શકાય કે આ વ્યક્તિ પર આંતરડાના કૅન્સરનું રિસ્ક છે તો ચોક્કસપણે સાવધાની રાખીને તેને બચાવી શકાય છે.'

પ્રિવેન્ટિવ સર્જરી

બ્રેસ્ટ-કૅન્સરમાં એવું હોય છે કે જિનેટિક ટેસ્ટ દ્વારા પહેલેથી જ જાણી લેવામાં આવે કે વ્યક્તિને કૅન્સર થવાનું રિસ્ક છે કે નહીં અને જો રિસ્ક હોય તો સર્જરી વડે બ્રેસ્ટ અને ઓવરી કાઢી નાખવામાં આવે, જેથી કૅન્સરનું રિસ્ક જતું રહે છે. આ પ્રકારની સર્જરીને પ્રિવેન્ટિવ સર્જરી કહે છે. આવી જ સર્જરી કોલોરેક્ટલ કૅન્સરમાં પણ થાય છે. એના વિશે જણાવતાં ડૉ. રૉય પાટણકર કહે છે, 'જિનેટિક ટેસ્ટ દ્વારા એ જાણી શકાય છે કે કઈ વ્યક્તિ પર આ કૅન્સરનું રિસ્ક વધારે છે. જો રિસ્ક હોય તો કૅન્સર થયા પહેલાં જ વ્યક્તિનું સર્જરી દ્વારા મોટું આંતરડું લગભગ આખું જ કાઢી લેવામાં આવે છે અને નાના આંતરડાને સીધું ગુદા સાથે જોડી દેવામાં આવે છે. આ રીતે દરદી હેલ્થી લાઇફ જીવી શકે છે અને તેને કોલોરેક્ટલ કૅન્સર આવતું નથી. હાલમાં પવઈમાં રહેતા એક પરિવારમાં મમ્મી અને માસી બન્ને આ કૅન્સરનો ભોગ બની હતી એવી ૧૯ વર્ષની છોકરીએ અમારા સૂચન મુજબ જિનેટિક ટેસ્ટ કરાવી અને એ પૉઝિટિવ આવી. હાલમાં તેની એક્ઝામ ચાલી રહી છે. એક્ઝામ પતે પછી તે સર્જરી કરાવવા તૈયાર છે, જેને લીધે તે પોતે આ કૅન્સરથી બચી શકે છે.'



આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે બોરલાઇ પ્રા.શાળાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ

રૂા. ૧૭૫ લાખના ખર્ચે નિર્માણ થનાર વિવિધ રસ્તાના કામોના ખાતમુહૂર્ત કરાયાં

વલસાડ

ઉમરગામ તાલુકાના બોરલાઇ ખાતેની પ્રાથમિક શાળાના સર્વશિક્ષા અભિયાન હેઠળ રૂા.૩૬ લાખના ખર્ચે નવા બનાવાયેલા મકાનનું લોકાર્પણ વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મકાનમાં સંપૂર્ણ સુવિધાયુકત ચાર રૂમ અને ટોઇલેટ-બાથરૂમનો સમાવેશ કરાયો છે.

આ અવસરે મંત્રીશ્રી રમણલાલ પાટકરે ઉમરગામ તાલુકા સહિત સમગ્ર વલસાડ જિલ્લામાં થયેલા વિવિધ વિકાસકાર્યોની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, બાળકોને સારી સુવિધાઓની સાથે ગુણવત્તાયુકત શિક્ષણ મળે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. વિકાસના માર્ગે ચાલી રહેલી રાજ્ય સરકારના પ્રયત્નો થકી આજે રાજ્યના દરેક ગામોમાં અનેકવિધ વિકાસકાર્યો થઇ રહયાં છે. આ વિકાસકાર્યો ગુણવત્તાયુકત બને તે માટે ગ્રામજનોને દેખરેખ રાખવા અનુરોધ કયો હતો. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક શાળાના મકાનના લોકાર્પણની સાથે સાથે રૂા. ૧૭૫ લાખના ખર્ચે વિવિધ ૨૦ જેટલા કામોના ખાતમુહૂર્ત પણ કરાયાં છે. આ લોકાર્પણના કામોમાં બોરલાઇ મુખ્યરસ્તાથી આયતુલભાઇના ઘરથી શંકરભાઇના ઘર તરફ જતો રસ્તો રૂા.૨૦ લાખ, વલવાડા દેસાઇવાડથી પટેલ ફળિયા થઇ ને.હા.નં.૪૮ તરફ જતો રસ્તો રૂા.૩૦ લાખ, વલવાડા સંઘાડીપાડા ઉક્કડભાઇના ઘરથી સંગાડી બાળમંદિર તરફ જતો રસ્તો રૂા.૩૪ લાખ, બોરીગામ અચ્છારી મુખ્યરોડથી તાલીયા ફળિયા સ્મશાનભૂમિ રોડ રૂા. ૨૨ લાખ, બોરલાઇ જગલા ફળિયા રોડ રૂા. ૫ લાખ, કચીગામ ઝાડી ફળિયા રોડ રૂા. ૫ લાખ, બોરીગામ લાખજી ફળિયાથી તડકેશ્વર મંદિર થઇ પ્રાયમરી સ્કૂલ રોડ રૂા. ૫ લાખ, અચ્છારી દેરા ફળિયા રોડ રૂા. ૭ લાખ, પી.ટી.સી. કોલેજ રોડથી ગોચરણ રોડ રૂા.૨૦.૭૮ લાખ, અચ્છારી નવી પ્રા.શાળાથી કાકાબડીયા રોડ રૂા.૧૪ લાખ, બોરલાઇ-કચીગામ રૂા.૬.૭૦ લાખ, અચ્છારીથી વાડી ફળિયા, ૮૦ હજાર, બોરલાઇથી નરોલી-૬૦ હજાર, નહેર- ૯૦ હજાર, બોરલાઇથી ઇન્ડિયાપાડા રૂા.૬૦ હજાર, કરમબેલીથી બોરલાઇ રૂા.૮૦ હજાર, કરમબેલી સીસી રોડ રૂા.૫૦ હજાર અને અન્ય બે સહિત ૨૦ જેટલા કામોનો સમાવેશ થાય છે. કિસાન સન્માન સમૃધ્ધિ યોજના હેઠળ દરેક ખેડૂતને ૬ હજાર રૂપિયા આપવામાં આવનાર છે, જે માટે જરૂરી દસ્તાવેજો ગ્રામ પંચાયત ખાતે જમા કરાવી દેવા જણાવ્યું હતું.

શાળાના નિર્માણ માટે જમીન દાન આપનાર દાતાઓ પંકજભાઇ બોરલાઇવાલા અને તેમના ધર્મપત્નીનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

સ્વાગત પ્રવચનમાં દિનેશભાઇએ સૌને આવકાર્યા હતા. શાળાની બાળાઓએ સ્વાગત, પ્રાર્થના તેમજ અભિનય ગીત રજૂ કર્યાં હતાં.

આ અવસરે સરપંચ રેખાબેન મહેન્દ્રભાઇ, શાળાના આચાર્યા ભાવનાબેન, અગ્રણીઓ બાબુભાઇ વરઠા, કનુભાઇ સોનપાલ, મહેશભાઇ ભટ્ટ, હિતેશભાઇ સુરતી, પંકજભાઇ બોરલાઇવાલા, જિલ્લા-તાલુકા પંચાયત સભ્યો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

નડિયાદમાં ૬૪મી નેશનલ સ્કૂલ ગેઇમ્સ એથ્લેટીક્સ સ્પર્ધા ૨૦૧૯ નો પ્રારંભ





વિવિધ રાજ્યો/યુનિટોના ૬૪૬ રમતવીરો જીતવા માટે રમશે રાષ્ટ્રીય સ્તરે શાળાકીય રમતોમાં ગુજરાતે છઠ્ઠુ સ્થાન હાંસલ કર્યુ છે - સચિવશ્રી ડી.ડી.કાપડીયા રમતગમત પ્રવૃત્તિથી વ્યક્તિત્વ વિકાસ સાથે જીવનમાં સફળતા મળે છે - ઓલિમપિયન શ્રી આનંદ મેનેઝીસ

નડિયાદ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નડિયાદ ખાતે યોજાયેલ ૬૪મી રાષ્ટ્રીય સ્કૂલ ગેઇમ્સ એથ્લેટીક્સ સ્પર્ધા અન્ડર – ૧૯ નો સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવશ્રી ડી.ડી.કાપડીયાએ, કલેકટરશ્રી સુધીર પટેલની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ રાષ્ટ્રીય શાળા રમતોત્સવમાં દેશના વિવિધ રાજ્યો / યુનિટોના ૬૪૬ જેટલા રમતવીરોએ ભાગ લીધો છે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવશ્રી ડી.ડી.કાપડીયાએ જણાવ્યું કે ગુજરાતને જુડો, ટેબલ ટેનિસ, ક્રિકેટ, ટેકવેન્ડો અને એથેલેટીક્સ સહિત પાંચ નેશનલ સ્કૂલ ગેઇમ્સ યોજવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. પુનામાં યોજાયેલ ખેલો ઇન્ડિયા રમતોત્સવમાં ગુજરાત ૧૩ મા સ્થાનેથી આઠમા સ્થાને જ્યારે રાષ્ટ્રીય સ્તરે સ્કૂલ ગેઇમ્સની યાદીમાં ગુજરાતે છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

રાજય સરકાર રમતગમત પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરી રહી છે, એમ જણાવતાં શ્રી કાપડીયાએ ઉમેર્યુ કે ગુજરાતમાં રમત ગમત પ્રવૃત્તિના વિકાસ માટે આધુનિક કક્ષાના સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સેન્ટર ફોર એક્સલન્સ સહિત રમતવીરોને રમતો માટે પાયાની અને માળખાગત સુવિધાઓ પુરી પાડવામાં આવી રહી છે. જેને પરિણામે ગુજરાતના ખેલાડીઓ વિવિધ રમતોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવી રહ્યા છે.

શ્રી કાપડીયાએ એથ્લેટીક્સ સ્પર્ધાના ખેલાડીઓને ખેલ ભાવનાથી રમવાનો અનુરોધ કરી રાષ્ટ્રીય ધારાધોરણ અને માપદંડો અનુસાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

૨૦૧૪માં સીડનીમાં યોજાયેલ ઓલિમપિક્સ રમતોમાં એથલેટીક્સ વિજેતા ઓલિમપિયન શ્રી આનંદ મેનેઝીસએ જણાવ્યું કે એથ્લેટીક્સ એ તમામ રમતોની જનની સમાન છે. રમત ગમત પ્રવૃત્તિથી વ્યક્તિત્વ વિકાસ સાથે જીવનમાં સફળતા મળે છે.

ભારતમાં રમતગમત ક્ષેત્રનો વિકાસ થઇ રહ્યો છે, એવી લાગણી વ્યક્ત કરતાં શ્રી આનંદે જણાવ્યું કે ગુજરાત સરકાર દ્વારા રમતગમત પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે, જે સરાહનીય છે. ગુજરાતના આ સાચી દિશાના પ્રયાસો આવનાર દિવસોમાં ગુજરાતને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ અપાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. શ્રી આનંદે રમતવીરોને શીખ આપતાં કહ્યું કે હાર બાદ જીત હોય છે ત્યારે સખત મહેનત અને ખેલ ભાવનાથી રમશો તો જીવનમાં પણ ખૂબ આગળ વધશો. સ્કૂલ ગેઇમ્સ ફેડરેશનના પ્રમુખ શ્રી આર.કે.પરિહારે જણાવ્યું કે ફેડરેશન દ્વારા અન્ડર – ૧૪, ૧૭, ૧૯ અને સ્કેટીંગમાં અન્ડર – ૧૧ વય જૂથ માટે રાષ્ટ્રીય રમતોનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતમાં રમતગમત માટેની માળખાગત સુવિધાઓને તેમણે બિરદાવી હતી. ખેલાડીઓને ખેલ ભાવનાથી સફળતા પ્રાપ્ત કરવા તેમણે અનુરોધ કર્યો હતો. પ્રારંભમાં વિવિધ રાજ્યોના ખેલાડીઓએ માર્ચ પાસ્ટ કરી હતી. મહાનુભાવોએ એથ્લેટીક્સ સ્પર્ધાનો ધ્વજ ફરકાવ્યો હતો. ચીફ કોચશ્રી પરેશ પટેલે સૌનો આવકાર કર્યો હતો. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય કોચશ્રી એલેકઝાન્ડર, સીનીયર કોચ, વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ, સીનીયર કોચશ્રી ર્ડો. મનસુખ તવેઠીયા સહિત રમતવીરો હાજર રહ્યા હતા.

આઠ વર્ષીય બાળકના અપહરણ બાદ છૂટકારોઃ મહારાષ્ટ્રથી ઝડપાયા અપહરણકારો

સુરત

સુરતના ભટાર વિસ્તારમાં અપહરણ કરાયેલ આઠ વર્ષીય બાળકનું અપહરણ બાદ છૂટકારો થયો હતો. પોલીસે અપહરણકારોની મહારાષ્ટ્ર માંથી ધરપકડ કરી છે.

ઉલ્લેખનિય છે કે ૭ તારીખે સુરતના ભટાર વિસ્તારમાંથી બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેને બાઈક પર મહારાષ્ટ્ર નજીક લઈ જવામાં આવ્યો હતો. જ્યા આરોપીઓ ઢાબા પર જમવા રોકાયા હતા જેના હોટલ માલિકને શંકા જતા બાળક પાસેથી તેના પિતાનો નંબર લઈ તેના પિતાને જાણ કરી હતી અને હોટલ માલિકે પોલીસ બોલાવી આરોપીઓને પોલીસના હવાલે કર્યા હતા. બાળકનો કબજો મળતા પરિવારજનોમાં ખુશીની લાગણી ફેલાઈ હતી. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાદમાં બાઇક સળગાવી અને ઓફિસમાં તોડફોડ કરી

પાંડેસરામાં નજીવી બાબતમાં ઝઘડામાં લેબર કોન્ટ્રાક્ટરે માર મારીને ચેઈન લૂંટી લીધી

સુરત

પાંડેસરામાં ત્રણ દિવસ પહેલા નજીવી બાબતે થયેલા ઝઘડામાં લેબર કોન્ટ્રાક્ટરને ત્રણ યુવાનોએ માર મારીને રૂપિયા ૬૫૦૦૦ની કિંમત સોનાની ચેન લૂંટી લીધી હતી. બાદમાં રૂપિયા ૧,૨૫ લાખ કિંમતની બાઈકને સળગાવી દીધી અને ઓફિસમાં તોડફોડ કર્યું હતુ. કુલ્લે રૂ ૧,૯૦ લાખનું નુકસાન કરીને ભાગી ગયા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જીલ્લા માં હડીયાના વતની અને હાલમાં ઉધના વિસ્તારમાં આવેલી શ્રેયસ સ્કૂલ પાસે આશા નગરમાં રહેતા ૩૨ વર્ષીય અજય કુમાર ભુલનભાઈ દુબે પાંડેસરામાં ભેસ્તાન ખાતે ભગવતી નગર ઈન્ડસ્ટ્રીયલ ખાતે લેબર કોન્ટ્રાક્ટર ઓફિસ ધરાવે છે અને ત્યાં જ નવ દુકાને ભાડેથી આપેલી છે. જેમાં ચાર નાસ્તા મોબાઈલ રિચાર્જ સહિતની દુકાનો છે.

ગત તારીખ ૭ સાંજે અજય કુમાર મોટરસાયકલ પર દુકાનોમાં ભાડું લેવા માટે ગયા હતા તે સમયે ત્યાં પંકજ ગોસ્વામી અને ગિરધારી યાદવ વચ્ચે રકઝક ચાલતી હતી જેથી અજયકુમારે ત્યાં ઝઘડો કરવાની ના પાડી હતી જેના પગલે ઉશ્કેરાઈ ગયેલા પંકજ ગોસ્વામી તથા કિપા ગોસ્વામી અને ચંદનસિંહનાઓએ અજય કુમારની ઢીકમુક્કીનો માર માર્યો હતો અને રૂપિયા ૬૫ હજારની કિંમતની સોનાની ચેન લૂંટી લીધી હતી. તેઓએ તેમની રૂપિયા ૧૨૫૦૦૦ની કિંમત મોટર સાયકલ સળગાવી દીધી હતી અને ઓફિસમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જોકે કુલ્લે રૂપિયા ૧૯૦૦૦૦ની કિંમત નુકસાન કરી નાસી ગયા હતા. આ અંગે અજય કુમારે પાંડેસરા પોલીસ મથકમાં પંકજ ગોસ્વામી તથા કૃપા ગોસ્વામી અને ચંદનસિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.









ભરૂચ હેરીટેજ ફોરમ ધ્વારા ભરૂચ સ્થાપના દિનની ઉજવણી કરાઈ





- પૂર્વ સંધ્યાએ આતાશબાજી સાથે ભરૂચ સ્થાપના દિનની ઉજવણી કરાઈ
- ફોર્ટ વોલને સમાંતર બનાવેલ વોક પાથનું મહાનુભાવોના હસ્તે લોકાર્પણ
- આજે ભૃગુઋષિ મંદિરે પૂજનવિધિમાં મહાનુભાવો જોડાયા
- મહાનુભાવો દ્વારા ઐતિહાસિક સ્થળોની લેવાયેલી મુલાકાત

ભરૂચ

ભરૂચ હેરીટેજ ફોરમ(જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી) ભરૂચ દ્વારા ભરૂચના સ્થાપના દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના ભાગરૂપે તા.૦૯-૦૨-૨૦૧૯ ના રોજ ફોર્ટ વોલ, આર.એસ.દલાલ સ્કુલની પાસે, પૂર્વ સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો ભૃગુઋષિના પ્રાગટ્ય દિનની ઉજવણી અંતર્ગત ફોર્ટ વોલને સમાંતર બનાવેલ વોક પાથનું લોકાર્પણ પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરૂચના ધારાસભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલ તથા જિલ્લા કલેકટરશ્રી રવિકુમાર અરોરાના હસ્તે પૂર્વસંધ્યાના કાર્યક્રમનું દિપપ્રાગટાવી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ક્ષિપ્રા આગ્રે, નગરપાલિકાના પ્રમુખ સુરભીબેન તમાકુવાલા, ઉપપ્રમુખશ્રી શાહ, પત્રકારશ્રી હરીશભાઈ જોષી સહિત નગરપાલિકાના સદસ્યો, આગેવાન પદાધિકારીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌથી પ્રાચીન નગરીમાં ભૃગુકચ્છ, બારૂગાજા, ભ્રોચ હાલના ભરૂચનો સમાવેશ થાય છે. ભૃગુઋષિએ કાચબાની પીઠ પર સવાર થઈને તેમના ૧૮ હજાર શિષ્યો સાથે ભરૂચ નગરી વસાવી હતી. દાંડીયાબજાર સ્થિત ભૃગુઋષિ મંદિર નજીક તેમનો આશ્રમ આવેલો છે. ભરૂચ હેરીટેજ ફોરમ દ્વારા ભરૂચના સ્થાપના દિનની પ્રથમ વખતે બે દિવસીય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં ભરૂચ ગૌરવગાથા તેમજ ડોક્યુમેન્ટ્રી ફિલ્મનું નિદર્શન કરાયું હતું. હેરીટેજ પ્લાનનું પ્રદર્શન પણ રજૂ કરાયું હતું. ભરૂચ ઐતિહાસિક સ્થળોના વિકાસ માટે વિઝન ડોક્યુમેન્ટનું વિમોચન પણ કરાયું હતું. ઉપરાંત ફોર્ટ વોલને સમાંતર બનાવેલ વોક પાથનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના પ્રાસંગિક પ્રવચનમાં ભૃગુઋષિનું પ્રાગટ્ય અને ભરૂચ સ્થાપના દિનની ઐતિહાસિક માહિતી પુરી પડાઈ હતી. ત્યારબાદ ભવ્ય આતશબાજી સાથે ભરૂચ સ્થાપનાદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમના ભાગરૂપે આજરોજ ભૃગુઋષિ મંદિરે ભૃગુઋષિ પ્રાગટ્ય દિવસ તથા ભરૂચ સ્થાપના દિવસ અંતર્ગત પૂજનવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી રવિકુમાર અરોરા, સાંસદશ્રી મનસુખભાઈ વસાવા સહિત મહાનુભાવોએ ભાગ લીધો હતો. પૂજનવિધિ બાદ હવામાં બલુન છોડવામાં આવ્યા હતા. ત્યારબાદ ભરૂચના ઐતિહાસિક સ્થળો પૈકી ભૃગુઋષિ મંદિર, સ્વામિનારાયણ મંદિર, રતન તળાવ તેમજ કનૈયાલાલ માણેકલાલ મુન્શીના ઘરની મુલાકાત પણ મહાનુભાવો દ્વારા લેવામાં અવી હતી. આ પ્રસંગે ભૃગુઋષિ મંદિરેથી બાઈક રેલી નીકળી જે સ્ટેચ્યુ પાર્ક ખાતે સ્માપન થઈ હતી.



सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL थाह एन्ड कंपनी JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.१४,५००/-
प्रवास दिवस-१४
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.१२,०००/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.१२,०००/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંક્સ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
Madhivala LINIMENT
022-24147642
022-24147643
ઉત્પાદકઃ રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, ઘુંટેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : २३६८६११,२३४४९११ ● E-mail : info@mugatlalbsons.com

વડોદરા લગ્ન માંથી રાજપીપળા પરત ફરતા થયેલા અકસ્માતમાં ગાયત્રી મંદિરના મહારાજનું મોત

સાઠોદ પાસેના વૃદ્ધાશ્રમ પાસે સામેથી આવતી એક ગાડીની લાઈટ માં ચાલાકની આંખ અંજાઈ જતા સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા ગાડી ઝાડ સાથે અથડાઈ રાજપીપળા દરબાર રોડ સ્તિથ ગાયત્રી મંદિર અને નવાપરા સાઈ મંદિરના પુંજારી શનિવારે વડોદરા ખાતે લગ્ન માંથી પરત ફરતા ડભોઈ પોલીસની હદમાં અકસ્માત નડ્યો જેમાં દરબાર રોડ ગાયત્રી મંદિરના પુંજારીનું મોત નીપજયું

રાજપીપળા : રાજપીપળા શહેરના બે મંદિરોમાં પુંજા પાઠ કરતા પુંજારીઓ સહીત અન્ય લોકો શનિવારે વડોદરા લગ્નમાંથી પરત ફરતા અકસ્માત થયો જેમાં એકનું મોત થયું હતું

પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા નવાપરા સ્તિથ સાઈ મંદિર માં પુંજા પાઠ કરતા હાર્દિક રોહિતભાઈ જોશી અને દરબાર રોડ સ્તિથ ગાયત્રી મંદિરના પુંજારી કનૈયાલાલ નાથાલાલ ઉપાધ્યાય શનિવારે વડોદરા એક લગ્નમાં ગયા બાદ મોડી રાત્રે પરત રાજપીપળા પોતાની ગાડી નં.જીજે ૨૨ એચ ૩૫૭૨ લઈ પરત ફરતા હતા ત્યારે માર્ગમાં સામેથી આવતી એક ગાડીની લાઈટ ચાલાક હાર્દિક જોશીની આંખ પર પડતા વધુ લાઈટના કારણે તેની આંખ અંજાઈ જતા તેણે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો જેથી તેની ગાડી સીધી રોડની બાજુના એક ઝાડ સાથે અથડાઈ હતી જેમાં કનૈયાલાલને ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટના સ્થળેજ મોત થયું હતું જયારે ચાલાક હાર્દિક જોશીને પણ આ અકસ્માતમાં ઈજાઓ થતા ડભોઈની પ્રમુખ સ્વામી હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયો હતા જોકે ગાડીમાં અન્ય લોકો પણ પાછળ બેઠા હતા સદનસીબે એમનો બચાવ થયો હતો ત્યારે આ વાતની રવિવારે સવારે રાજપીપળામાં જાણ થતા ભારે શોક જોવા મળ્યો હતો પી.એમ બાદ રવિવારે બપોરે કનૈયાલાલના મૃતદેહને રાજપીપળા ખાતે લવાતા ગાયત્રી મંદિર ખાતે સ્નેહીજનો અને ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.ડભોઈ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત મોઢવણિક સમાધાન પંચને ગુરૂવારે મળી શકાશે

સામાજિક આગેવાનો ઘરેલુ ઝઘડાનો સમાધાનકારી ઉકેલ લાવે છે

સુરત

શ્રી સુરતી મોઢવણિક સમસ્ત પંચ સંચાલિત સમાધાન કમિટિ દર ગુરૂવારે સાંજે ૫ વાગે શ્રેયસ બિલ્ડિંગ લીમડા ચોક લાલગેટ પાસે અર્બન કો.ઓ.ની સામે મળે છે. તેનો મુખ્ય હેતુ સમસ્યા જેવી કે છુટાછેડા, ઘરેલુ ઝગડા વગેરેનું સમસ્યાનું સમાધાન વિના મૂલ્યે સમાજના આગેવાન બહેનો તથા આગેવાન ભાઈઓની એક નવ વ્યક્તિની સમિતિ બંને પક્ષોથી વાત સાંભળી સમાધાન કરાવે છે. આનો મુખ્યને મુખ્ય આશય સમય તથા પૈસાનો બચાવ તથા બંને પક્ષોની કડવાસ દૂર કરી સુખદ સમાધાન કરી મિત્રતાના પંથે લઈ જવાનો તથા જરૂર પડ્યેથી સમાજના પ્રમુખ તથા સીનિયર વકીલ હસમુખભાઈ લાલવાળાની મદદ પણ લેવાય છે.

હળવદમાં ગાયે ભેટી મારતા ઘવાયેલ વૃધ્ધાનું સારવાર દરમિયાન મોત



હળવદમાં છેલ્લા કેટલાક સમયથી રસ્તે રખડતા ઢોરોનો ત્રાસ બેફામ હદે વધી ગયો છે છતાં પણ આજ દીનસુધી તંત્ર દ્વારા કોઈ નકર પગલા નથી લેવાયા તંત્ર આ સમસ્યા સામે આંખ આડા કાન કરે છે ત્યારે રસ્તે રખડતા ઢોર નિર્દોષ નાગરિકોને હડફેટે લેતા હોય છે મેઈન રોડ પર વેપારીઓ દ્વારા ડીવાઈડર પર ખાવા નુ નાખતા રોડ પર પશુ મેળાવડો જામે છે જેમાં થોડા દિવસો પૂર્વે જ ગાયની ઢીકથી ઈજાગ્રસ્ત વૃધ્ધાનું સારવારમાં મોત થયું છે બનાવની પ્રાપ્ત વિગતો મુજબ હળવદના જૂની રેલ્વે કોલોની વિસ્તારના રહેવાસી શાંતાબેન વિરજીભાઈ રાઠોડ (ઉ.વ.૬૦) નામની વૃધ્ધા ગત તા. ૨૪ ના રોજ ચાલીને જતા હોય ત્યારે ગાયએ ભેટું મારતા તેને ઈજા પહોંચી હતી અને વૃદ્ધાને સારવાર માટે સુરેન્દ્રનગર ત્યાર બાદ વધુ સારવાર માટે તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે પોલીસે અકસ્માત મૃત્યુના બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે

ડાંગમાં પ્રધાનમંત્રી કિસાન નિધિ યોજના સત્વરે અમલી થશે : કલેક્ટર ડામોર

યોજનાના અમલીકરણ અંગે આહવામાં યોજાઈ ઉચ્ચસ્તરીય બેઠક

આહવા

ડાંગ જિલ્લાના અધિકારીઓને હકારાત્મકતા સાથે તેમની રોજબરોજની કામગીરી હાથ ધરીને, પાત્રતા ધરાવતા કોઈપણ યોજનાકિય લાભાર્થીઓ તેના લાભથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખવાનો અનુરોધ કરતા ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજનાની શરૂ થયેલી કામગીરી સફળ રીતે પૂર્ણ કરવાની સૂચના આપી હતી.

આહવા ખાતે યોજાયેલી એક ઉચ્ચસ્તરીય બેઠકને સંબોધતા કલેક્ટર શ્રી ડામોરે આ યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ લાભાર્થીઓના બેંક એકાઉન્ટ્સ સહિતની જરૂરી તમામ માહિતી સત્વરે એકત્ર કરી, પાત્રતા ધરાવતા લાભાર્થીઓની ડેટા એન્ટ્રીની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની પણ સૂચના આપી હતી. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજનાના અમલીકરણ બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપતા કલેક્ટર શ્રી એન.કે.ડામોરે જિલ્લાની ગ્રામ પંચાયત કક્ષાએ ફરજ બજાવતા કર્મચારીઓને ડેટા એન્ટ્રી બાબતે માર્ગદર્શિત કરવા સાથે તેમને જરૂરી સાધન સુવિધા, સંદેશા વ્યવહાર વિગેરેની ઉપલબ્ધતા સુનિ?તિ કરવાની પણ અપીલ કરી હતી. તાલુકા વિકાસ અધિકારીઓ અને મામલતદારોના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય કક્ષાએ હાથ ધરાનારી ડેટા એન્ટ્રીની કામગીરી ખૂબ જ ચોક્સાઈ સાથે થાય તેની તકેદારી રાખવા સાથે, લાભાર્થીઓને માટે જરૂરી હોય તેવા તમામ દસ્તાવેજો તેમને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાની પણ તેમણે સૂચના આપી હતી. લાભાર્થીઓના બેંક એકાઉન્ટ્સની ડીટેલ્સ સહિતના આવશ્યક દસ્તાવેજોના અદ્યતન રેકર્ડ રાખવા સહિતની કામગીરીમાં જવાબદાર અધિકારી/કર્મચારીઓની જવાબદારી નિયત કરવા સાથે, ઓનલાઈન ડેટા એન્ટ્રી બાબતે તકનિકિ સહાય માટે જિલ્લા કક્ષાએ જીસ્વાન અને એન.આઈ.સી.નો સહયોગ મેળવવાનું પણ કલેક્ટરશ્રીએ આહ્વાન કર્યું હતું. દેશ અને રાજયના ખેડૂતોને ઈનપુટ સબસિડી આપતી ભારત સરકાર પુરસ્કૃત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ, ડાંગ જિલ્લાના ખેડૂતોને પણ સમયસર મળી રહે તે માટેની તમામ આગોતરી કામગીરી પૂર્ણ કરવાનું અમલીકરણ અધિકારીઓને માર્ગદર્શન આપતા કલેક્ટર શ્રી એન.કે.ડામોરે વ્યક્તિગત બે હેક્ટરથી ઓછી ખેતીની જમીન ધરાવતા ખેડૂતોને રૂા.૬ હજારની આર્થિક સહાય પુરી પાડતી આ યોજનાનો લાભ મેળવવા માટે જિલ્લાના ખેડૂતોને અનુરોધ કર્યો છે. લાભાર્થી ખેડૂતોને યોજનાનો લાભ મેળવવા માટે પોતાના બેંક એકાઉન્ટ્સની ડીટેલ્સ સાથે આધાર કાર્ડ, જમીન ખાતાવહી સહિત કરારનામા જેવા દસ્તાવેજો તૈયાર રાખવાની પણ અપીલ કરી છે. યોજનાના અમલીકરણ માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ મોનિટરિંગ અને ફરિયાદ નિવારણ સમિતિઓની રચના સાથે, ગ્રામ્યકક્ષાએ ડેટા એન્ટ્રીની કામગીરી માટે કર્મચારીઓ તથા સંસ્થાઓને અધિકૃત કરવાની કાર્યવાહી પણ પૂર્ણ કરવાની શ્રી ડામોરે સૂચના આપી હતી. ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયાએ ખેતીવાડી વિભાગ સાથે સંલગ્ન તમામ વિભાગ/કચેરીઓના અમલીકરણ અધિકારીઓને આ બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપવા સાથે, યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ્ય કક્ષાએથી જ સૂચારૂ વ્યવસ્થાઓ ગોઠવવાની હિમાયત કરી હતી. આહવાના જિલ્લા સેવા સદનના વિડીયો કોન્ફરન્સ હોલમાં યોજાયેલી બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી ટી.કે.ડામોર સહિત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.ડી.પટેલ, પ્રાયોજના વહિવટદાર શ્રી એસ.બી.ચૌધરી, તથા પ્રાંત અધિકારી કાજલ ગામીતે પણ પૂરક વિગતો રજુ કરી હતી.

રાણપુર વિસ્તારમાં અસામાજિક પ્રવુત્તિમાં અગાઉ પકડાયેલ ઇસમોનું ઇન્ટ્રોગેશન કરતી બોટાદ જિલ્લા પોલીસ ટીમ

૧૪૧ જેટલા આરોપીઓને બોલાવી તમામની પુછપરછ કરવામાં આવી



ભાવનગર પોલીસ મહાનિરીક્ષક નરસિમ્હા કોમાર તથા બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા જિલ્લામાં મિલકત સંબંધી તેમજ મારામારીના ગુનાઓ અટકાવવા માટે તથા દારૂ જુગારની બદી સંપુર્ણ પણે નેસ્ત નાબુદ કરવા અપાયેલ સુચના અને માર્ગદર્શન અંગે ઇન્ચાર્જ વિભાગીય પોલીસ અધિકારી ઝેડ.આર.દેસાઇ,પ્રોબેશનર નાયબ પોલીસ અધિક્ષક સી.પી.મુંધ્વા,એલ.સી.બી.પોલીસ ઇન્સપેક્ટર એચ.આર.ગોસ્વામી,રાણપુર પોલીસ સ્ટેશન પોલીસ સબ ઇન્સપેક્ટર એ.પી.સલૈયા તથા એલ.સી.બી, એસ.ઓ.જી શાખાના પોલીસના માણસો,રાણપુર પોલીસ સ્ટાફ તથા બોટાદ જિલ્લાના પોલીસ સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમ બનાવી રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારના છેલ્લા ત્રણ વર્ષમાં મિલકત સંબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા તથા દારૂ-જુગારની પ્રવુત્તિઓ સાથે સંકળાયેલા તમામ આરોપીઓના ઘરે જઇ તેઓની હાલની વિગતવારની માહીતી એકઠી કરી આશરે ૧૪૧ જેટલા આરોપીઓને બોલાવી તમામની અલગ અલગ પૂછ પરછ કરવામાં આવેલ અને ફરીવાર કોઇ પણ પ્રકારનો ગુનો ન કરવા માટે કડક સુચના આપવામાં આવેલ તથા રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ તથા જુગારની પ્રવુત્તિ અંગેના સંભવિત વિસ્તારોમાં પોલીસ દ્વારા રેઇડો કરવામાં આવેલ હતી

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	ડીપ્લોમા ઓફ સાયન્સ ઇન નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (ડાયરેક્ટ ર્ાવે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (ડાયરેક્ટ ર્ાવે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

:- સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓને એડમીશન લીધે એડમીશન ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા-૧૭ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને ઓબીસીના વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર ઓનલાઈન ફોર્મ ભરવાની સુવિધા
- ભારત સરકારના તેમજ ગુજરાત સરકારના નિયમોનુસાર ધોરણ ૧૨ પછી ચલાવાતી કુલ ૧૦ વર્ષની સરકારમાન્ય કોર્સની ફી
- કોર્સ પૂર્ણ થયા બાદ ૧૦૦ ટકા પ્લેસમેન્ટ
- હોસ્ટેલની સુવિધા, જુદા જુદા સાંસ્કૃતિક જલસાની સુવિધા તેમજ વર્ષ-દરમ્યાન રમતગમતની સુવિધા
- ફુલ ફેકલ્ટી ધ્વારા દરેક વિદ્યાર્થીના ઘરના સરનામા પર જઈને ફોર્મ ભરવામાં આવશે

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિકાસ પામતા દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, ઇલેક્ટ્રોનગરી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકાવવાના અવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની સેવા, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ સેવા, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને પણ સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને સેવાની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહત્તમ રકમ(આવી ઉપરોક્ત રકમ મુજબ વધેલ આવકમાંથી ચુકવવા જશો, જે માટે સાથે ડાયરેક્ટ કોપ્રક પરથી આપ સમજુ શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેલસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યોને આપની સાથે જોડી આપની સેવાનું ચક્ર મેળવી લાભના ટકામોવા પૈસામાંથી
(PLAN - A)
ફાલતા ૧૫૫૦/- (સોનો જોડી ઉપરી)
આપનો કોડ સેલ વર્ષ સુધી ચાલુ રહી શકશો.
ચેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
ફ્રીજ ગ્રહ વર્ષ માટે ૧૫૦૦/- (સોનો જોડી ઉપરી)
આપનો કોડ ફ્રીજ ગ્રહ વર્ષ માટે ચાલુ રહી શકશો.
સાથે સેલ વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
ચેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ ચાલુ કરાવી હપ્તારો કમાવાની તક ગુમાવો નહિ.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઇ દિકરામાં રામ-શ્રવણ અને કોઇ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર
શ્રી અશ્વિનભાઇ ભાઇશંકરભાઇ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે
:- સ્થળ :-
શ્રી ગાયત્રી મંદિર
ભાલોદ
:- આયોજક :-
સમસ્ત ભાલોદ ગામજનો
ભાલોદ

અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
AJWA FUNWORLD & RESORT LTD.
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સમીપે રહેવાની મજા
આજવા ગ્રીન રીસોર્ટ
AC/NON AC ROOMS
તદ્દન નવી રાઇડ્સ સાથે ફાસ્ટફૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે

તાપી જિલ્લામાં નવા ૭૧૨૬ મતદારો નોંધાયા જિલ્લા ચૂંટણી અધિકારી : નિનામા

જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા વયારામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

વ્યારા

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર તા. ૦૧/૦૯/૨૦૧૮થી તા. ૧૫/૧૦/૨૦૧૮ સુધી તા. ૦૧/૦૧/૨૦૧૯ની લાયકાતના સંદર્ભમાં સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન તાપી જિલ્લામાં કુલ ૭૧૨૬ નવા મતદારો નોંધાયા હતા જે પૈકી ૬૦૧૦ મતદારો પ્રથમ વખત મતદાન કરશે એમ તાપી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર.એસ.નિનામાએ જણાવ્યું હતું.

તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા અંતર્ગત યોજવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સ દરમિયાન માહિતી આપતા જિલ્લા ચૂંટણી અધિકારી આર.એસ.નિનામાએ જણાવ્યું હતું કે, તાપી જિલ્લાની ૧૭૧ વ્યારા વિધાનસભા મતદાર વિસ્તારમાં ૩૦૮૦ અને ૧૭૨-નિઝર વિધાનસભા મતદાર વિસ્તારમાં ૪૦૪૭ નવા મતદારો નોંધાયો છે. વ્યારા વિધાનસભા મતવિસ્તારમાં ૧,૦૩,૯૫૬ પુરૂષ મતદારો અને ૧,૦૭,૯૩૬ મહિલા મતદારો મળી કુલ ૨,૧૧,૮૯૬ મતદારો છે. જે પૈકી ૪ અન્ય મતદારો ;નો સમાવેશ થાય છે. નિઝર વિધાનસભા મતવિસ્તારમાં ૧,૨૯,૦૮૬ પુરૂષ મતદારો અને ૧,૩૩,૦૩૧ મહિલા મતદારો મળી ૨,૬૨,૧૧૭ મતદારો છે. આમ, તાપી જિલ્લાના બે વિધાનસભા મતદાર વિસ્તારમાં કુલ ૪,૭૪,૦૧૩ મતદારો છે.

વધુમાં તેમણે સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન મરણ પામેલા, સ્થળાંતર થયેલા જેવા કિસ્સામાં કમી કરવાપાત્ર ૩૭૭૬ નામો કમી કરવામાં આવ્યા છે. જયારે ૬૨૩૬ હકદાવાઓમાં સુધારા વધારાની કામગીરી તથા એક જ વિધાનસભા મતવિભાગમાં ૬૮૬ મતદારોના સેકશન ફેરફારની કામગીરી કરવામાં આવી છે.

બારડોલી સંસદીય મતવિસ્તાર અંગે માહિતી આપતા જિલ્લા ચૂંટણી અધિકારી આર.એસ. નિનામાએ જણાવ્યું હતું કે, ૨૩-બારડોલી સંસદીય મતવિસ્તારમાં ૭ વિધાનસભાઓ મત વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે. બારડોલી સંસદીય મતવિસ્તારમાં ૨૧૮૭ મતદાન મથકોનો સમાવેશ થાય છે. આગામી લોકસભાની ચૂંટણીમાં બારડોલી સંસદીય મતવિસ્તારમાં ૯,૨૮,૪૪૧ પુરૂષ અને ૮,૮૫,૪૪૭ મહિલા મતદારો મળી કુલ ૧૮,૧૩,૯૦૮ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો છે એમ જણાવી તેમણે આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને સ્ટાફની ડેટા એન્ટ્રી, મતદાર મથકો પર મીનીમમ સુવિધાઓની ચકાસણી, નોડલ અધિકારીઓની નિમણુંક, માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંક સહિતની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આશાબેન વસાવાએ સ્વીપ એકટીવિટીઝ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, મતદારોને ઈવીએમ અને વીવીપેટ અંગે જાણકારી મળી રહે એ માટે વ્યારા મામલતદાર કચેરીમાં મોક બુથ શરૂ કરવામાં આવ્યો છે તેમજ વ્યારા અને નિઝર વિધાનસભા મતદાર વિભાગમાં ઈવીએમ અને વીવીપેટ રથ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે એમ જણાવી તેમણે વ્યારા ખાતે ડિસ્ટ્રીકટ કોન્ટેકટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે જેનો ટોલ ફ્રી નંબર ૧૯૫૦ છે જેના પર ફોન કરી કોઈ પણ મતદાર મતદાર યાદીને લગતી જાણકારી તેમજ ફરિયાદ પણ કરી શકશે એમ જણાવ્યું હતું. વધુમાં તેમણે હાલમાં સતત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો હોય કોઈ પણ મતદારે નામ કમી કરવા, સુધારા વધારા કરવા કે નવું નામ દઉમેરવા માટે બી.એલ.ઓ, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી કે કલેકટર કચેરીની ચૂંટણી શાખાનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

તાપી જિલ્લામાં વયજૂથ પ્રમાણે મતદારોની સંખ્યા જોઈએ તો ૧૮-૧૯ વર્ષના ૧૧૯૭૫, ૨૦થી ૨૯ વર્ષના ૧,૦૫,૨૨૫, ૩૦ થી ૩૯ વર્ષના ૧,૧૦,૮૮૫, ૪૦થી ૪૯ વર્ષના ૯૨૩૯૭, ૫૦થી ૫૯ વર્ષના ૭૭,૨૧૩, ૬૦ થી ૬૯ વર્ષના ૪૫,૮૬૩, ૭૦થી ૭૯ વર્ષના ૨૩૧૨૮ અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના ૭૩૨૭ મતદારો મળી કુલ ૪,૭૪,૦૧૩ મતદારો તાપી જિલ્લામાં છે.

ચૂંટણી પંચે નો વોટર્સ ટુ બી લેફ્ટ બિહાઈન્ડની થીમ પર વોટર વેરીફિકેશન એન્ડ ઈન્ફર્મેશન પ્રોગ્રામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત મતદારોને બી.એલ.ઓ, મતદાર નોંધણી અધિકારી દ્વારા ચૂંટણી પ્રક્રિયા સંબંધિત અન્ય આવશ્યક પ્રાથમિક વિગતોની જાણકારી મળી રહેતે માટે પ્રચાર પ્રસારની કરવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું હતું. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાના પત્રકારો,ચૂંટણી મામલતદાર રાકેશભાઈ ડામોર, નાયબ મામલતદાર અનિલભાઈ પટેલ,ચૂંટણી શાખાના મનોજભાઈ ગામીત, અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાગરણ ન્યુ મીડિયાએ મિજાજ ગુજરાતનો પોર્ટલ લોન્ચ કર્યું

સુરત

જાગરણ પ્રકાશન લિ.ની ડિજિટલ વિંગ જાગરણ ન્યુ મીડિયા દ્વારા તેનું ગુજરાતી ભાષાનું ડિજિટલ પ ા ે ટ ર્ લ www.gujaratimidday.com રજૂ કરવામાં આવ્યું છે. આ સાઈટ દ્વારા ગુજરાતી-મુંબઈના બીજા નંબરના સૌથી વિશાળ ગુજરાતી અખબાર મિડ ડે ગુજરાતીની ઓનલાઈન ઉપસ્થિતિ દર્શાવે છે. આ લોન્ચ વખતે જાણીતા ફિલ્મ અને થિયેટર એક્ટર બોમન ઈરાનીએ હાજરી આપી હતી. આ લોન્ચ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈને તેમણે પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વથી અને પ્રેરણાદાયક શબ્દોથી રોમાંચિત કર્યા હતા. તેમણે ગુજરાતી મિડડે.કોમની ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી અને ઉમદા કામગીરી માટે પ્રોત્સાહન આપ્યું હતું.

આ પ્રસંગે બોમન ઈરાનીએ કહ્યું હતું, 'મને ગૌરવ છે કે હું મિડડે પરિવાર સાથે આ ઉજવણીમાં સામેલ થયો છું. ગુજરાતી વિશ્વભરમાં સૌથી વધુ બોલાતી ભાષા છે અને એ ઘણું ગૌરવશાળી છે કે મિડડે ગુજરાતીની વેબસાઈટ લોન્ચ થતા વિશ્વભરમાં વધુ ગુજરાતીભાષી સમુદાયના લોકો સુધી પહોંચી શકાશે. ગુજરાતીઓને તેમની સંસ્કૃતિ માટે ખૂબ ગૌરવ છે અને તેથી વેબસાઈટનો હેતુ ખરા ગુજરાતીની સ્થાનિક ફ્લેવર સાથે કન્ટેન્ટ પૂરી પાડવાનો છે.'

ઉધના રેલવે સટેશન સંદર્ભે વિવિધ પ્રશ્નોની જીએમને રજૂઆત કરાશે

સુરત

આજરોજ પશ્ચિમ રેલવેના ભેસ્તાન રેલવે સ્ટેશનની શ્રી છોટુભાઈ પાટીલ (Z.R.U.C.C. મેમ્બર) સુરત સ્ટેશન સલાહકાર સમિતિના સભ્યો શ્રી પ્રદીપસિંહ રાજપૂત, શ્રી પપ્પુસિંહ રાજપૂત અને શ્રી પ્રકાશ ખૈરનારની ઉપસ્થિતિમાં મુલાકાત લીધી, જેમાં ભેસ્તાન રેલવે સ્ટેશન મેનેજર અને જનતા દ્વારા વિવિધ પ્રશ્નો સાંભળી આગામી તારીખ ૧૧/૦૨/૨૦૧૯નાં રોજ મુંબઈ ખાતે વેસ્ટર્ન રેલ્વેના જી.એમ. સાથે મળનારી મિટિંગમાં સદર પ્રશ્નોનું સમાધાન કરવાની ખાત્રી આપી. જેમાં ભેસ્તાન રેલવે સ્ટેશનના પશ્ચિમ દિશા તરફ એપ્રોચ રોડની માગણી, ભેસ્તાન રેલવે સ્ટેશનના બંને સાઈડના એન્ટ્રી ગેટ પાસે સ્ટેશનનું નામનું બોર્ડ લગાવવું, સ્ટેશનપર પ્લેટફોર્મ નંબર ૧ હાઈલેવલ પર બનાવવા અંગે, સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ અને ૨ ઉપર શેડ બનાવવાબાબત, પ્લેટફોર્મ નંબર ૨ ની લંબાઈ વધારવા બાબત, સ્ટેશન પર પીવાના સ્વચ્છ પાણી માટે વોટર કુલર લગાવવા બાબત, સ્ટેશનપર અન્ય એક UTS/PRS કાઉન્ટરની માગણી પણ કરવામાં આવી હતી.

બેંગાલ આર્ટસ ક્લબ દ્વારા બેસ્ટ સીંગર સ્પર્ધાનું આયોજન

સુરત

બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ ક્લબ સુરત આયોજિત પંચમ ગ્રુપ સુરત પ્રગતિ જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સુરત પ્રાયોજીત બેસ્ટ સિંગર ગીત સવારે ૧૧ વાગ્યાથી બેસટ લેડી સિંગર ગીત/બેસ્ટ ડુએટ-ગ્રુપ સીંગર્સ ગીત સ્પર્ધાઓ બપોરે બે વાગ્યાથી ત્રીજી માર્ચ ૨૦૧૯ રવિવારે બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ ક્લબ સુરતનું ૪૯મું સ્નેહમિલન પ્રસંગે દિલીપ પરેશ હોલ, ટીએનટીવી સ્કૂલ ટીમલીયાવાડ નાનપુરા સુરતમાં યોજાશે. ભાગ લેવા મોહિન મલિક, મો.૯૯૨૫૫૦૮૬૪૦, મોરક્સ સ્ટ્રીટ ઝાંપાબજાર સુરત, હરીશ શાહ પ્રમુખ મો.૯૪૨૬૧૦૪૫૬૨, પરેશ ભાટીયા મો. ૯૪૨૬૧ ૪૦૭૧૮, રવિકુમાર અગલ મો.૯૮૨૪૧ ૧૧૬૦૧, અનિલ દલાલ મો.૯૮૨૫૧ ૨૭૪૮૮નો સંપર્ક કરવા જણાવાયુ છે.

ભરવાડ સમાજના ધર્મગુરૂને કુંભમેળામાં ૧૦૦૮ મહામંડલેશ્વરનુ પદ આપવામાં આવ્યું



પ્રયાગરાજમાં મૌની અમાવસ્યાના શાહીસ્નાન બાદ ઝાઝાવડા દેવના ગાદીપતિની મહામંડલેશ્વર પદની વરણી

આદિ શંકરાચાર્ય દ્વારા શરૂ કરવામાં આવેલી મહામંડલેશ્વર પદ અને પ્રતિષ્ઠા વિધી ખૂબ મહત્વ ધરાવે છે સનાતન હિંદુ ધર્મનો પ્રચાર પ્રસાર સમાજમાં કરી અને ધર્મમય ભાવના અને સંસ્કારોનું સિંચન કરે તેવાં સંતોને મહામંડલેશ્વર પદ આપવામાં આવે છે ત્યારે ભરવાડ સમાજની ગુરૂગાદી થરા ખાતે આવેલી છે જેના ગાદીપતિ શ્રી ઘનશ્યામપુરીજી મહારાજને પવિત્ર પ્રયાગરાજ ખાતે મૌની અમાવસ્યાના મહાસ્નાન બાદ મહામંડલેશ્વરની પદવી આપવામાં આવી હતી.આ ધાર્મિક કાર્યક્રમ સમયે હજારો ભરવાડ સમાજના ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં તો સાથે આગામી સમયમાં રાજકોટ ખાતે બાપુનું સન્માનનુ આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રયાગરાજ ખાતે ચાલી રહેલાં મહાકુંભમાં શ્રી પંચ દશનામ જુનાઅખાડા વારાણાસી દ્વારા મૌની અમાવસ્યાના પાવન દિવસે ભારત ભરમાથી ૮ સંતોને ૧૦૦૮ મહામંડલેશ્વરનુ પદ આપી સન્માનિત કર્યા હતાં જેમા ભરવાડ સમાજની ગુરૂગાદી થરા ખાતે આવેલી છે જેના ગાદીપતિ શ્રી ઘનશ્યામપુરીજી મહારાજને પવિત્ર પ્રયાગરાજ ખાતે મૌની અમાવસ્યાના મહાસ્નાન બાદ મહામંડલેશ્વરની પદવી આપવામાં આવી હતી.આ પહેલાં પ્રથમ મહાસ્નાન વખતે શ્રી પંચ દશનામ જુનાઅખાડાના મહંતશ્રી પ્રેમગીરીજી દ્વારા અને સમગ્ર દેશના અખાડા મહામંત્રી હરિગીરીજી દ્વારા ચાદર વિધિ કરીને પ્રમામણિત કરવામાં આવ્યા હતા. આ તકે સનાતન હિંદુ ધર્મના આદિ અનાદિ એવા ૧૩ જુના અખાડાના વરિષ્ઠ સંતો, મહંતો અને પદાધિકારીઓ હાજર રહી વેદ અને રૂચાઓની સુરાવલીઓ વચ્ચે ફુલોના ઢગલાઓ કરી પદ અને પ્રતિષ્ઠા આપવામાં આવ્યા હતા.

પ્રયાગરાજ ખાતે યોજાયેલા શ્રી ઝાઝાવડા ગાદીપતિ ઘનશ્યામપુરીજી મહારાજનાં ૧૦૦૮ મહામંડલેશ્વર પદ અને પ્રતિષ્ઠા પ્રદાન કરતાં આ તકે ભરવાડ સમાજના આગેવાનો ભવાનભાઈ ભારાભાઈ ભરવાડ, ખોડાજી ઠાકોર પુર્વ ધારાસભ્ય, વિનુભાઈ ટોળીયા પૂર્વ એ સ પી , ન વ ઘ ણ ભા ઈ ઝાં પ ડા , વિ ક્ર મ ભા ઈ દેસાણા,ક્રશનપુરી,ભરતપુરી,રામભાઈ ઝાપડા,વગેરે સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ ધાર્મિક અને હર્ષભર્યા કાર્યક્રમમાં રાજકોટ, જામનગર, ગોંડલ, જુનાગઢ, અમદાવાદ સહિતના શહેરોના ભરવાડ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા તો સાથે આગામી દિવસોમાં રાજકોટ ખાતે શ્રી ઘનશ્યામપુરીજી મહારાજને સન્માનિત કરવામાં આવશે.આ સમગ્ર ધાર્મિક વીધી અને ભોજન વગેરે કાયક્રમના દાતાશ્રી રાજુભાઈ ભવાનભાઈ ખોડા, (કોપોરેટર, એમએમસી, અમદાવાદ) પીપળજ વાળા તરફથી કરવામા આવેલ.

જેસીબી મશીન ચલાવ્યુ તો મહિલા સાંસદને ૫૦૦ રૂપિયાનો દંડ ભરવો પડ્યો..!!

સુરત

તારીખ ૦૪/૦૫/૨૦૧૮ના રોજ ભાજપના સાંસદ દર્શના જરદોશ દ્વારા ડંક્કાઓવારા પર સફાઈ અભિયાન દરમિયાન JCB મશીન ચલાવ્યું હતું. JCB મશીન ચલાવવાનું લાઈસન્સ ન હોવા છતાં મશીન ચલાવી સાંસદ દર્શના જરદોશ દ્વારા ટ્રાફિક નિયમનો ભંગ કરવામાં આવ્યો હતો.

સુરતના જાગૃત નાગરિક એવા સંજય ઈઝાવા દ્વારા કરવામાં આવેલ ફરિયાદના અનુસંધાને સુરત ટ્રાફિક રીજીયન-૧ મદદનીશ પોલીસ કમિશ્નર કચેરી દ્વારા તાપસ કરીને સાંસદ દર્શના જરદોશ ફક્ત ડ્રાઈવર સીટ પર બેસીને કામદારોની ઉત્સા વધારવામાટે ફોટો પડાવામાં આવ્યો એવો જવાબ આપીને ફરિયાદ દફતરે કરી હતી. પરંતુ તારીખ ૧૧-૦૬-૨૦૧૯ના રોજ ફરી સંજય ઈઝાવા દ્વારા સિટી પોલીસ કમિશ્નરને ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસ કમિશ્નરના આદેશાનુસાર ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર, ટ્રફિક રીજીયન-૧ દ્વારા તારીખ ૨૪-૦૮-૨૦૧૮ના રોજ સાંસદ દર્શના જરદોશ પાસેથી મોટોર વ્હિકલ કલમ ૧૮૧ મુજબ વગર લાઈસન્સે ભ્રમ ચલાવવા બદલ રૂપિયા ૫૦૦ની દંડ વસૂલ કરી હતી.

ચોર્યાસી તાલુકાના કુંભારીયા ગામે વધુ એક સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ચોર્યાસી તાલુકાના ૮ ગામોના લાભાર્થીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો

સુરત

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને ચોર્યાસી તાલુકાના કુંભારિયા ખાતે કુંભેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં સરકારી યોજનાકીય સહાય અને વિવિધ પ્રમાણપત્રો ગ્રામજનોના ઘરઆંગણે જ મળી રહે તેવા આશયથી સેવા સેતુ કાર્યક્રમ તેમજ વિવિધ વિકાસકીય કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્તનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોહિણી ટીબરવા, કુંભારિયા, વેડછા, સાબરગામ, સણીયા હેમાદ, સારોલી, દેવધ અને દખ્ખણવાડા ગામોના ક્લસ્ટર માટે યોજાયેલા સેવા સેતુનો ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

સેવા સેતુમાં આવક, જાતિના દાખલાઓ, રાશન કાર્ડને લગતી અરજીઓ, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, આધારકાર્ડને લગતી અરજીઓ, સાત/બાર, આઠ-અના પ્રમાણપત્રો, વિધવા સહાય અને નિરાધાર વૃદ્ધ સહાય યોજના, કૃષિ, પશુપાલન, મા અમૃતમ-વાત્સલ્ય કાર્ડ, પંચાયતની વિવિધ યોજનાઓના વ્યકિતલક્ષી લાભાર્થીઓની અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યા હતા. ઉપરાંત આયુષ્માન ભારત યોજનામાં પણ મોટી સંખ્યામાં લોકોએ નોંધણી કરાવી હતી. સેવા સેતુ પૂર્વે મંત્રીશ્રીએ સણીયા હેમાદ ખાતે રૂ.૭૭ લાખના ખર્ચે તૈયાર થયેલા ૭૦ હળપતિ આવાસોનું લોકાર્પણ અને અન્ય બાકી રહેલ આવાસોનું ખાતમુહુર્ત કર્યું હતું. તેમણે નેચરવેલી ખાતે રૂ. ૨.૪૭ લાખના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેન્ડનું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય વી.ડી.ઝાલાવાડિયા, સુ.ડી.કો. બેંકના વાઈસ ચેરમેન સંદીપભાઈ દેસાઈ, મામલતદાર મેહુલ દેસાઈ, સરપંચ શ્રીમતી ધર્મિષ્ઠાબેન રાઠોડ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.





ગરુડેશ્વરના ચિચડીયા ગામની આધેડ વયની મહિલા પર ચપ્પુની અણીએ બળાત્કાર

છોકરા પરણાવવાની આધેડ ઉંમરના હવસખોર વ્યક્તિએ હમ ઉંમરની મહિલા પર બળાત્કાર કર્યાની ઘટના સામે આવતા ફિટકાર
વાડામાં કામ કરતી ૪૫ વર્ષની મહિલા પર ૪૩ વર્ષના વ્યક્તિએ એકલતાનો લાભ લઈ ચપ્પુ બતાવી બળાત્કાર કર્યો હોવાની ફરિયાદ



રાજપીપળા : ગરુડેશ્વર તાલુકાના ચિચડીયા ગામમાં આધેડ વયની મહિલા પર ગામનાજ વ્યક્તિએ બળાત્કાર કરતા ચકચાર મચી જવા પામી છે .

પ્રાપ્ત માહિતી અનુસાર ગરુડેશ્વર તાલુકાના ચિચડીયા ગામમાં રહેતી ૪૫ વર્ષની આદિવાસી મહિલા પોતાના ઘરની પાછળ આવેલ વાડામાં ઢોરોને ખવડાવવા માટે વાવણી કરેલ મકાઈ કાપતી હતી તે વખતે ગામના ગોપાલ બચુ ભીલ (ઉ.વર્ષ.૪૩) એ મહિલાની એકલતાનો લાભ લઈ વાડામાં આવી ચપ્પુ બતાવી ધાક ધમકી આપી હાથ પકડી નજીકમાં આવેલ મકાઈના ખેતરમાં લઈ જઈ મહિલાની મરજી વિરુદ્ધ બળાત્કાર કરી નાશી જતા આ બાબતે ભોગ બનનાર મહિલાએ ગરુડેશ્વર પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે બળાત્કાર નો ગુનો નોંધી હવસખોર ગોપાલ ભીલને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા તપાસ ગરુડેશ્વર પીએસઆઈ એમ બી વસાવા કરી રહ્યા છે .

જુગારના રોકડા રૂપિયા ૭૨૧૨૦/- નો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ

ભરૂચ પોલીરા અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાઓ તરફથી દારુ/ જુગાર ની પ્રવૃતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સૂચનાના આધારે તથા ના.પોલીસ આધેક્ષક અંકલેશ્વર ડીવીઝન ના માગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમા મળેલ બાતમી આધારે એ.એ.જી.સી .વર્ડશોપમાં કેટલાક ઈરામો જુગાર રમતા હોય જુગાર ની રેડ કરતા હાજર ૧૩ આરોપી નં.(૧) ફીરોજ અબ્દુલ મલેક ઉવ - ૪૪, રહે સરથાણ નવી નગરી તા.અંકલેશ્વર,ભરૂચ તથા બીજા ૧૨ (બાર) ઈસમો પત્તાપાળા જુગાર રમતા મળી આવતા તેઓની અંગ ઝડતી તથા દાવળા રોકડા રૂ.૩.૭૨૧૨૦ /- નો મુદામાલ સાથે પકડાઈ ગયેલ જે તમામ આરોપીઓને અટક કરી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે

પાટણા ગામે ગટર લાઈનનું ખોદકામ કરતા પાણીની લાઈનો તૂટી : પાંચ દિવસથી ગ્રામનોને પાણી માટે વલખા





ગામમાં હેન્ડ પમ્પ ચાલતા નથી માટે ગ્રામપંચાયત કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવે એવી માંગ

રાજપીપીપળા : નાંદોદ તાલુકાના પાટણા ગામે છેલ્લા પાંચ દિવસથી પાણીની સમસ્યા વકરી રહી છે અને પાણીને કારણે લોકોની પરેશાની પણ વધી રહી છે. ત્યારે સરપંચ તાત્કાલિક ધોરણે પાણીની તકલીફ દૂર કરે તેવી માંગ ઉઠી છે.

પાટણા ગામના ગામના આગેવાન સુનિલ વસાવાએ જણાવ્યું હતું કે હાલ પાટણા ગામમાં ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે પરંતુ આ કામગીરી આડેધડ થતી હોય નીચે દબાયેલી પાણીની લાઈનો જોયા વિના કોન્ટ્રાકટર જેસીબી દ્વારા ખોદકામ કરી રહયા છે ત્યારે એક એક ફળિયાઓમાં ચાલતી કામગીરીમાં કેટલીય લાઈનો તોડી નાખી છે સાથે મુખ્ય પાણીની લાઈન પણ તોડી નાખી છે ત્યારે ગામમાં પીવા અને વાપરવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે .ત્યારે ગામમાં બીજો એક વિકલ્પ હેન્ડપંપ છે પરંતુ તે પણ બધા બંધ છે ત્યારે હાલ સત્તાધીશો કશુ કામ નથી કરી રહ્યા અને આજે પાંચ દિવસ વીતિ જવા છતાં પણ પાણીની લાઈનો જોઈન્ટ થઈ નથી તો તાત્કાલિક સરપંચ અને તલાટીને આ સમસ્યાનું નિરાકરણ લાવે તેવી ગ્રામજનોની માંગ છે.નહિ તો આંદોલન કરવું પડશે તેવી પણ ચીમકી ગ્રામજનો વતી સુનિલ વસાવા એ આપી હતી.

સુરતમાં જાનૈયાઓના વાહનો કોઈપણ સમયે શહેરમાં પ્રવેશી શકશે

સુરત

અત્યારે લગ્નસરાની સિઝન ચાલી રહી છે. ત્યારે જાનૈયાઓએને લઇ જવા માટે મોટા વાહનો જેવાકે લક્ઝરી બસનો ઉપયોગ થાયછે. પરંતુ મોટ શહેરોમાં આવા ભારે વાહનોને પ્રવેશવા માટે ચોક્કસ સમયનું પાલન કરવું પડતું હોય છે.

જોકે, સુરત શહેર પોલીસ કમિશનરે જાનૈયાઓની આ મુશ્કેલીઓ દૂર કરી દીધી છે. શહેર પોલીસ કમિશનરે લગ્ન પ્રસંગ માટે લક્ઝરી બસની પરવાનગીનો પ્રતિબંધ ઉઠાવી લીધો છે. કમિશનરના આ જાહેરનામાથી લોકોને પરમિશન લેવામાં થતા ધરમધક્કા સહિતની હેરાનગતિથી છૂટકારો મળશે.

મળતી માહિતી પ્રમાણે શહેરમાં લગ્નની મોસમ પૂરબહારમાં છે ત્યારે જાનૈયાઓ સાથે શહેરમાં અવરજવર કરતી લક્ઝરી બસની પોલીસ પાસે પરમિશન લેવામાં લોકોને હેરાનગતિનો ભોગ બનવું પડતું હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી હતી. ટ્રાફિક પોલીસની પરમિશન લેવામાં લોકોને નાહકના ધરમ ધક્કા ખાવા પડતા હતા. તેમજ લગ્ન પ્રસંગને લઈને લોકોના સમયનો પણ વ્યય થયો હતો.

દરમિયાન પોલીસ કમિશનરે જારી કરેલા નવા જાહેરનામા મુજબ હવેથી લગ્ન પ્રસંગ માટે લક્ઝરી બસને પોલીસની પરવાનગી લેવાની રહેશે નહીં. આ અગે ટ્રાફિકના એસીપી જણાવ્યું હતું કે, લક્ઝરી બસને આવવા-જવા માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવી છે. જેથી હવેથી જાનૈયાઓને પરમિશનના નામે થતી મુશ્કેલીઓમાંથી છૂટકારો થશે. અલબત્ત જાનૈયાઓએ બસમાં મુસાફરી વેળા કંકોત્રી સહિતના પુરાવા સાથે રાખવા પડશે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

રાજપીપળામાં રેશનકાર્ડ પર અનાજ મેળવવા ધક્કે ચઢતી વિધવા મહિલાને ટલ્લે ચઢાવતા અધિકારીઓ

પુરવઠા વિભાગ ચીફ ઓફિસર ની સહી લાવવા જણાવે છે જ્યારે ચીફ ઓફિસર હું મામલતદાર સાથે વાત કરીશ એમ જણાવતા છેલ્લા એક મહિના થી ધક્કા ખાતી મહિલા ક્યાં જાય ...?!

સરકાર એક તરફ સેવા સેતુ જેવા કાર્યક્રમો કરી સ્થળ પર નિકાલની વાતો કરે છે ત્યારે આ શું થઈ રહ્યું છે...?

રાજપીપળા : નર્મદા જિલ્લામાં પુરવઠા વિભાગમાં ચાલતા લાગવગ કે કટકી ના વેપલાઓ વારંવાર સામે આવ્યા છે ત્યારે હાલ રાજપીપળા ની એક વિધા મહિલાને એક મહિનાથી ધક્કે ચઢવવાનો કિસ્સો બહાર આવ્યો છે.

રાજપીપળા દરબાર રોડ ,પારેખ ખડકીમાં રહેતા ભાનુબેન પરીખ પોતે વિધવા છે અને એકલાજ હોય તેમના રેશનકાર્ડમાં પણ એમનું એકજ નામ છે પરંતુ આ વિધવા બેનને કાર્ડ પર અનાજ મળતું ન હોય એ માટે નવા નિયમ મુજબ અનાજ મેળવવા એફીડેવીડ સહિતની તમામ પ્રક્રિયા ફળિયાના લોકની મદદ થી કરી પુરવઠા સાખમાં ગયા ત્યાં જનસેવા કેન્દ્ર પર ફી ભરી ફોટો પણ પડાવ્યો ત્યારબાદ કસબા તલાટી બેને ફોર્મ પર પાલિકા ચીફ ઓફિસર અને સદસ્ય ના સહી સિક્કા મરાવવા જણાવ્યું માટે ચીફ ઓફિસર પાસે ગયા પરંતુ તેમને પેહલા એમ જણાવ્યું કે મામલતદાર માંથી આવા ફોર્મ રોજ આવે છે પણ આ કામગીરી મારી નથી હું આ માટે મલતદાર સાથે વાત કરીશ ત્યારબાદ નવા નિયમ મુજબ બનતી કમિટી માં ચીફ ઓફિસર સહીત અન્ય અધિકારીઓ ની સંમતિ આ ફોર્મ માં જરૂરી હોવાની વાત જાણ્યા બાદ ચીફ ઓફિસરે કું કે મામલતદાર સાથે વાત કરીશ કે એક એક ફોર્મ માટે લોકો ધક્કા ખાય એના કરતા દર મહિને અમુક ફોર્મ ભેગા થયા બાદ કમિટીની મિટિંગ માં એક સાથે જરૂરી અધિકારીઓની સહી કરાવે જોકે ચીફ ઓફિસરની આ વાત યોગ્ય છે પરંતુ હાલતો ભાનુબેન પરીખ કાર્ડ પર અનાજ મેળવવા હજુ ધક્કા ખાઈ રહ્યા છે કેમકે એમનું ફોર્મ મામલતદાર કે પાલિકામાં હજુ લીધું નથી ફક્ત અહીયા થી ત્યાં અને ત્યાંથી ત્યાં આમ આંટા મરાવતા અધિકારીઓએ આ બેનનું ફોર્મ હજુ સ્વીકર્યુંજ નથી ત્યારે મિટિંગ માં સહી કેવી રીતે થશે ...? શું ઓનલાઈન સિસ્ટમ આવી નિરાધાર વિધવા મહિલાઓને ધક્કે ચઢવવા સરકારે લાગુ કરી છે...? કેમ મામલતદાર કે પુરવઠા કચેરીમાં આવા લાભાર્થીઓના ફોર્મ લઈ જે તે અધિકારીઓની સહી નથી કરાવવામાં આવતી...? એક તરફ સરકાર સેવા સેતુ જેવા કાર્યક્રમો કરે છે જ્યારે બીજી તરફ આમ ધક્કે ચઢાવે છે ત્યારે આમતો બેનંબર માં ભલભલા કામો પુરા થઈ જાય છે અને અગાઉ ઘણા અમીરોને પણ બીપીએલ કાર્ડ આપી રોકડી કરાઈ ની વાત જાણવા મળી હતી ત્યારે તેની તપાસ કરવાના બદલે ખરેખર જરૂરિયાતમંદ વ્યક્તિઓને નિયમ બતાવતા અધિકારીઓ સાચા લોકોને ધક્કે ચઢાવી રહ્યા હોય જિલ્લા કલેક્ટર રસ લઈ આવા લોકોની મદદ કરે તેવી માંગ છે.

રેશનકાર્ડ પરના કડક નિયમોનું પાલન કરતા અધિરીઓ નથી જાણતા કે અગાઉ બે નંબર માં કટકી કરી ઘણા અમીરોને પણ બીપીએલ કાર્ડ અપાયા છે ત્યારે એકલીજ રહેતી આ વિધવા ને કેમ ધક્કે ચઢાવાય છે...?

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન તથા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે "કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની
ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૨૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭









બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
Softone
An Advance Audiology
Speech & Hearing Clinics Pvt. Ltd.
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270